


માસિક

Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૩૧ ● ઓક્ટોબર ૨૦૨૬ Volume no. 19, • Issue No. 231 • October 2026

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-





ટોરેન્ટો (કેનેડા) મંદિરના ૧૮મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા તેમજ સભામાં આશીર્વાદ આપતા અને હરિભક્તો સાથે સમૂહ તસવીરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ગેટવીક (યુ.કે.) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અભિષેક બાદ આરતી ઉતારતા પ.પૂ લાલજી મહારાજશ્રી



સાસ્કાટુન(કેનેડા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનું પૂજન કરતા તથા યજ્ઞમાં વિધિ સંપન્ન કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી




નોર્થ હેરો (યુ.કે) મંદિરમાં શ્રી નરનારાયણ દેવ યુવક મંડળની સ્થાપના કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી




આઈ.એસ.એસ.ઓ.ના નવા ચેપ્ટર ચટ્ટાનુંગા (ટેનિસી) માં સત્સંગ સભા દરમ્યાન પ.પૂ.લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા હરિભક્તો.




# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૨૦ (મૂળ વર્ષ ૫૯) ● સળંગ અંક : ૨૩૧ ● ઓક્ટોબર-૨૦૨૬**



**સંસ્થાપક**

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૪૮૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**તંત્રી શ્રી**

શાસ્ત્રી સ્વામી પુરુષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**એડ્રેસમાં ફેરફાર કરવા**

Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in



**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. શ્રીહરિના છઠ્ઠા, સાતમા અને આઠમા વંશજના મુખેથી અમૃતવચનો ૦૬

૦૪. શ્રીહરિની નિજ સેવામાં સંતો-ભક્તોની વિવિધ સેવા ૦૯


૦૫. ધોળકા દેશની પંચતિથિ ૧૧

૦૬. ઠાકોરજીની સેવારીતિમાં મહત્વની વિગતો ૧૪

૦૭. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૬

૦૮. ભક્તિસુધા ૧૭

૦૯. સત્સંગ સમાચાર ૨૦




## શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ આપણા શ્રેય, કલ્યાણ અને મોક્ષ માટે તેમજ આલોકના સુખ માટે ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માગ્યા જે આપણે સૌ જાણીએ છીએ. જે ભગવાનની કૃપાથી આપણને સુખ પ્રાપ્ત થયું છે.

સૌ પ્રથમ તો દરેક આશ્રિત માત્રે શ્રીહરિએ સ્વયં લખાવેલ દેશ વિભાગનો લેખ અવશ્ય વાંચવો. હરિભક્ત માત્રની ફરજ છે. રોજે પ્રાતઃ પૂજા કરીને શક્ય હોય તો વાંચજો. કોઈ પાસે ન હોય તો કાલુપુર મંદિરથી મેળવી લેશો.

બીજું ખાસ શ્રીહરિએ શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ માં આજ્ઞા કરી છે કે, **અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે, પોતાની જે વૃતિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો, અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીસમો ભાગ અર્પણ કરવો.**

આપણે આ આજ્ઞા મુજબ ધર્માદો કરતા હોઈએ તો આપણું કલ્યાણ સહેજે છે જ. આપણા આત્માને પૂછવું કે આ આજ્ઞાનું પાલન કરીએ છીએ કે નહીં, જો ન કરતા હોય તો હવેથી જરૂર કરજો. ભગવાને આપણને સુખીયા કર્યા છે તો આપણે આપણી નોકરી ધંધા, ખેતી કે કાંઈ ઉદ્યમ થકી આપણી આવકનો દશાંશ વિશાંશ ધર્માદો કરવો જ જોઈએ.

આપણો વ્યવહાર શ્રીહરિ ચલાવે છે, માટે આપ સૌ ભક્તો વ્યવહારે સુખી થવું હોય તો આ આજ્ઞાનું પાલન અવશ્ય કરજો.

બીજું ખાસ આપણા ધોળકા મંદિરનો ૨૦૦ વર્ષનો **"ત્યોહાર"** હવે નજીકના સમયમાં આવી રહ્યો છે. આપણે સૌ તેમાં તન, મન અને ધનથી સેવા કરી જોડાઈ ને સંકલ્પ સિધ્ધ શ્રી મોરલી મનોહરદેવને રાજી કરી લઈએ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**

શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૨૬)



| | |
|---|---|
| ૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી ગણપતિજી મહારાજની સ્થાપના આરતી પ્રસંગે પધાર્યા. |
| ૨૨ | જલઝિલણી એકાદશીના શ્રી ગપણતિજીના વરઘોડમાં પધાર્યા. કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર. |
| ૨૨થી૨૯ | કંટકી લંડન (U.S.A. I.S.S.O.) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૨૬)

| | |
|---|---|
| ૩-૪ | વેનકુંવર કેનેડા સત્સંગ સભા પ્રસંગે પધરામણી. |
| ૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર સાસ્કાટુન (કેનેડા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી. |
| ૬ | રજાઈના (કેનેડા) શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સભા પ્રસંગે પધરામણી. |
| ૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી ગણપતિ મહારાજનીસ્થાપના આરતી પ્રસંગે પધરામણી. |
| | વિદેશ સત્સંગ યાત્રા |
| ૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનલેન લંડન દર્શનાર્થે પધરામણી. |
| ૧૯ | કેન્ટોન હેરો શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શનાર્થે પધાર્યા. |
| ૧૯-૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગેટવિક (યુ.કે.) ૨૦ મા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર બ્રાઈટન (યુ.કે.) સત્સંગ સભા પ્રસંગે પધરામણી. |
| ૨૪-૨૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કંટકી લંડન (I.S.S.O. અમેરિકા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૭-૨૮ | ચટ્ટાનુગા ટેનેસી (અમેરિકા I.S.S.O. નવું ચેપ્ટર) સત્સંગ સભા પ્રસંગે પધરામણી. |
| ૩૦ | નોરફોક વર્જીનીયા (અમેરિકા I.S.S.O. નવું ચેપ્ટર) સત્સંગ સભા પ્રસંગે પધરામણી |

## શ્રીહરિના



**હમણાં બાપજીનો ફોટો જોયો, ભગવાન જોતા હતા બરોબરને ! ભગવાન આપણા બધા સામે જુએ છે, આપણે જોવાનું બાકી છે. ચમત્કાર એ નથી કે ભગવાન આપણી સામે જુએ છે, ફ્રેન્કલી કહું છું. ચમત્કાર એ છે કે આપણે ભગવાન સામે જોઈએ એ અગત્યનું છે. પણ હું માનું છે કે ભગવાન કહેવા માગતા હોય કે ભલા થઈને અમારા સામું જોજો.** એક જમાનામાં મહારાજે કીધું હતું પણ See એ જમાનોય જુદો હતો. હમણા લાલજી મહારાજશ્રીએ, અરવિંદભાઈને, સંતો એ વાત કરી એ પ્રમાણે આજે જે રીતે બધા હરિભક્તો કાર્ય કરે છે એ જોઈને બહુ ગૌરવ થાય.

## છઠ્ઠા, સાતમા અને આઠમા વંશજના મુખેથી

# અમૃતવચનો

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોસ્ટન (U.S.A, I.S.S.O.) ના ૨૦ મા પાટોત્સવ પ્રસંગે**

**પ.પૂ. મહારાજશ્રી :** હવે તમને ખબર પડી ને કે ડાંગરવામાં કોઈ રહ્યું નથી. આ તો એક ગામની પરિસ્થિતિ છે. પણ આખું ઉત્તર ગુજરાત, દશકોશી માં આ જ દશા છે. આજે સભા કરવી હોય ને ત્યારે હરિભક્તોને શોધવા જવું પડે છે. નથી મળતા. આ તો એક ગામમાં આટલા ભેગા થયા હેં જયેન્દ્રભાઈ ! તમારા ગામવાળા એક ગામમાં જ ભેગા થયા છે. કેટલા ગામમાં તો હજી બાકી છે પણ એક વસ્તુનો આનંદ છે, હર્ષ છે, આભાર વિધિ કરવા માંગતો નથી હું, પણ ખાસ તો ભગવાન પ્રત્યે મમત્વ, પોતાપણું રાખીને આપણા આ મંદિરોમાં બધા લોકો કામ કરે છે એ એક **Rare Quality** (મોટા સદ્‌ગુણના અર્થમાં) છે. પહેલા દિવસે કીધું હતું કે આજે ભગવાનની કૃપા, આપણા વડીલોના આશીર્વાદ ગણો, એના સંસ્કાર ગણો, આ બધું ભેગું થાય છે ત્યારે આ થાય છે. નહી તો **જ્યાં એક બીજા ગામની ઓળખાણ ના હોય અને છતાં એના માટે હરખના આંસુ આવે, એવું દુનિયામાં બીજે ક્યાંય જોવા મળતું નથી, આ જમાનામાં તો નથી જ મળતું, ૨૦૨૬ માં તો સ્મશાન વૈરાગ્ય પણ આવતો નથી. આ હકીકત છે. પણ આજે જ્યારે ભગવાન પ્રત્યે મમત્વ હોય, મંદિરને પોતાનું માન્યું હોય, મંદિર એટલે ખાલી મંદિર નહી, મંદિરના અભિન્ન અંગ, જેમાં આખો વર્ગ આવી જાય, દેવ હોય, આચાર્ય હોય, હરિભક્તો હોય, સંતો હોય, આ બધી વસ્તુ મળીને આખો પરિવાર બને અને એના પ્રત્યે મમત્વ હોય, પોતાપણું હોય ત્યારે આ બધું થાય છે.**

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

મને યાદ છે, જુના જમાનાની એક વાત કરું તો એ સમયે જ્યારે મિટીંગ કરતા હતા ત્યારે સવારે મિટીંગ શરૂ થાય તો રાત્રે પુરી થતી ન હોતી કારણ કે જે આવે એ બધા ફરિયાદ લઈને જ આવતા હતા. હવે એ દુકાન જ બંધ થઈ ગઈ છે. કોઈની પાસે ફરિયાદ જ નથી. ફરિયાદ એટલા માટે નથી કે એ મેચ્યોરિટી (પરિપકવતા), મમત્વ, પોતાપણું, જેમ જેમ જેમ મેચ્યોરિટી આવતી જાય છે અને એ **Maturity is not only with adults, maturity even with kids, So amount of affection, amount of** પોતાપણું **by that every one has going, girls, adults, young, youngster** અને આ બધા લોકોમાં જ્યારે મેચ્યોરિટીનું લેવલ વધતું જાય છે ત્યારે ભગવાન અર્થે કામ થાય છે. અને આ બધું જોઈએ ત્યારે **I think** કે મોટા બાપજીએ ૧૯૭૮ માં શરૂઆત કરી હશે ત્યારે **He should be first one to be feeling proud of** આજે એ સમયમાં તો કલ્પનાય ન હોય, જ્યારે ગણ્યા ગાંઠ્યા લોકો હતા. માંડ ભેગા થતા હતા બે-પાંચ જણા, મનેય ખબર છે, બાપજી ગયા હોય કોઈક જગ્યાએ ત્યારે અમે ને વનરાજ ભગત બધા બહાર બારીઓ ગણતા હતા.

કેટલી ગાડીઓ આવે છે ને જાય છે. એ વખતથી આજનું જોઈએ તો જેઓ એ વખતથી જોડાયેલા છે, ચન્દ્રેશભાઈ ને બીજા ઘણા હરિભક્તો છે આખા યુ.એસ.ની અંદર **I think** આજે મોટા બાપજીને અંતરથી ખૂબ આનંદ થતો હશે. એટલે એમને જ આપીએ, એ જ આશીર્વાદ આપે.

**પ.પૂ. મોટા મહારાજશ્રી :** આ પ્રસંગને વર્ણન કરવા માટે શબ્દો ટૂંકા પડે છે. એક **Incident** (પ્રસંગ) કહું તમને, દ્રષ્ટાંત આપું કે ઘણા વર્ષો પહેલા અમે કેન્યા ગયા હતા ત્યાંના મંદિરનો પ્રસંગ હતો. ત્યારે ત્યાંના રાષ્ટ્રપતિ, પ્રેસિડન્ટ મોઈ આપણી સભામાં આવેલા અને મારી બાજુમાં જ બેઠા હતા મને કહે **All these red dot people, thay are your people ?** મેં કહ્યું હા, **thay belongs to us.** પછી એમણે શું કહ્યું, ખબર છે? **I trust them the most even more than my own people. ("લાલ ડોટ - ચાંદલો કરેલા આ બધા તમારા માણસો છે ?" "હા, તેઓ અમારી સાથે જોડાયેલ છે." "મને તેઓમાં મારા માણસો કરતા પણ વધારે વિશ્વાસ છે !") આ એમના શબ્દો હતા અને એ શબ્દો વિચારવા જેવા છે આપણે. આપણે બધા સ્વામિનારાયણ સંપ્રદાયના ભગવાનના બ્રાન્ડ એમ્બેસેડર (પ્રચારક કે પ્રતિનિધિના અર્થમાં) છીએ, સત્સંગી માત્ર we all are brand ambassador of Swaminarayan Sampraday ત્યારે ધ્યાન રાખવાનું એ છે કે આપણામાં ક્યારેય ડાઉન ફોલ (પડતી-પતન) ન આવે. આપણી વાણી, વિચાર, વર્તન, આહાર-વિહાર એવું હોવું જોઈએ કે મહારાજ સામે ચાલીને આપણને Greet (અભિનંદનના અર્થમાં) કરે.**

એક નાની વાત કહું. આપણા સંપ્રદાયમાં જાણીતી વાત છે. તમે જાણતા હશો. પૂર્ણાનંદ સ્વામીની વાત છે. આ બધા નંદ સંતોના દ્રષ્ટાંતો છે ને એ આપણા માટે છે. મહારાજ સભા ભરીને બેઠા હતા. પૂર્ણાનંદ સ્વામી જરાક લેટ આવ્યા. દૂર ઉભા રહ્યા. માનનું અંગ બહુ હતું એમને, એટલે એમ કે મને બોલાવે તો અંદર જઉં. મહારાજે શું કહ્યું બધાને ખબર છે ? માનની મૂર્તિ જોઈ છે ? એ ઉભી સામે, જોઈ લો. પૂર્ણાનંદ સ્વામીને એટલો બધો ઈગો હટ (અહમ-માન ઘવાયું) થયો કે ત્યાંથી જ ચાલી નીકળ્યા. મારે નથી રહેવું. ત્યારે એમના શિષ્યો હતા એ પણ એમની પાછળ ચાલ્યા. **હવે મહત્વની વાત આવે છે. અત્યારનો સમય હોય ને તો સ્વામી બોલાવે બધાને, આવો, આપણે જૂદૂં ટ્રસ્ટ કરીશું. પૂર્ણાનંદ સ્વામી એ શું કહ્યું ખબર છે ? મારી પાછળ શું કામ આવો છો ? મારી પાસે કલ્યાણ નથી, કલ્યાણ તો ત્યાં છે હું તો મારા સ્વભાવને કારણે જઉં છું.** ગયા પછી એમનો અંતકાળ આવ્યો ને ત્યારે મહારાજે સંતોને તેડવા માટે મોકલ્યા. એમને ધામમાં લઈ જવા માટે. એ વખતે સ્વામીએ કહ્યું કે, મહારાજે મને ભર સભામાં માની કહ્યો છે ને ? તો મહારાજ પોતે મને લેવા માટે આવે તો જ હું જઈશ. અને મહારાજને આવવું પડ્યું. આવવું પડ્યું મહારાજને ! **તો આપણે એવી દ્રઢતા રાખવાની છે કે મહારાજ સ્વયં આપણને અંતકાળે તેડવા આવે.**

ખરેખર આ પ્રસંગ અવર્ણનીય છે અને **શ્રીજી મહારાજ હમંશા આપણી સાથે છે અને આપણે હંમેશા we should feel presence of Maharaj almost with us, always**

આપણે જે આશયથી **I.S.S.O.** શરૂ કર્યું છે, મહારાજની અમી દ્રષ્ટિ હંમેશા રહે અને **ultimate aims is that** કે (આખરી લક્ષ એ છે કે) સત્સંગ જળવાઈ રહે. આ બાળકોમાં સત્સંગ છે ને, બહું ડિફીકલ્ટ છે. ફર્સ્ટ ટાઈમ અમે જ્યારે યુ.કે.માં ઈંગ્લેન્ડ ગયા હતા ત્યારે આફ્રિકાથી ત્યાંથી કાઢેલા ઈદી અમીન વગેરે ઘણા બધા આવેલા ત્યારે ત્યાં મંદિર નહોતું. તે સમયે ત્યાંના આપણા સત્સંગીઓએ કહેલું, અમે ત્યાં મિલ્કત મૂકીને આવ્યા છીએ અહી. હવે જો અહીં મંદિર નહી થાય તો અમારા બાળકોને મૂકીને જવું પડશે અહીં. તો શ્રીજી મહારાજની અલૌકિક લીલા છે. હું તો ઈન્ડિયામાં ઘણીવાર કહું છું કે **અહીં આપણે ભારતમાં જે સત્સંગ થાય છે એના કરતા પરદેશમાં વધારે સારો સત્સંગ થાય છે.**

બીજી એક વાત, **આજે ફોટા જોયા ને તમે એ મહારાજની કૃપા છે.** મારું મહત્વ જરાય ન માનતા એમાં. કારણ કે હું અપરાધમાં પડું. **મહારાજનો મત સમજવાનો છે આપણે. મહારાજ પરચા આપતા હોય છે તો એ એટલા માટે કે આપણી એમના પ્રત્યે નિષ્ઠા વધે.** કોઈ વ્યક્તિ માટે પરચા નથી આપતા. એની લાઈટન સાઈડમાં (હળવી-રમૂજ બાજુ) કહું તો એમ કહું કે મને આજે ખબર પડી કે મારી આંખો તો **Squint** (ત્રાંસી) છે પણ મહારાજની આંખો પણ સ્વિટન્ટ (ત્રાંસી) છે. આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ, શુભેચ્છા અને આશીર્વાદ સાથે વિરમું છું.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** ગઈ કાલે જે જાહેરાત થઈ એ પ્રમાણે અહીંના હરિભક્તોએ ટોરન્ટો મંદિર માટે

ઘણી બધી સેવા કરી એ બદલ ખૂબ ખૂબ આભાર. ગઈકાલે વાત કરી હતી કે, દેખાય છે કે આપણા **I.S.S.O.** પરિવાર વચ્ચે જે એકતા છે, અત્યાર સુધીમાં **છેલ્લા ૪૮ વર્ષોમાં I.S.S.O. નો જે પ્રોગ્રેસ થયો છે એ એકતાને કારણે છે.**

અહીં બોસ્ટનમાં ૨૦ મા પાટોત્સવ નિમિત્તે હરિભક્તોએ જે મહેનત કરી છે એ બહુ મોટી મહેનત છે. બહુ બધા મહિનાઓ કાઢ્યા છે. અરવિંદભાઈથી લઈને આખી ટીમ એમની છે. કારણ કે એક વ્યક્તિથી કામ નથી થતું. આખી ટીમ ભેગી થાય છે, એક એક હરિભક્ત ભેગા થાય છે ત્યારે કામ થાય છે.

ખાસ તો બધાનો આભાર વ્યક્ત કરવા માંગીશ. કીચનમાં અને કીચનની બહાર નાની મોટી સેવા હોય, પાર્કિંગમાં ઉભા રહે છે. આ બધું ભેગું થાય છે ત્યારે આવા ઉત્સવ સકસેસ ફુલ થતા હોય છે.

અહીં આવીને અને બધા હરિભક્તોને મળીને ખૂબ આનંદ થયો. જેવી રીતે આપણે જાણીએ છીએ એ પ્રમાણે અમદાવાદ દેશમાં એક ઉત્સવ પુરો થાય અને બીજો આવે છે. થોડા સમય પછી ૨૩ થી ૨૭ સપ્ટેમ્બર લંડન કેન્ટકીમાં પ્રતિષ્ઠા આવી રહી છે. તેમાં ભાગ લેવા બધાને જરૂરથી આમંત્રણ છે. તેના થોડાક સમય પછી લગભગ નવેમ્બરમાં બીજી એક પ્રતિષ્ઠાનું પ્લાનિંગ છે. વર્ષોથી હરિભક્તોની મહેનત અને પરિશ્રમથી ન્યુયોર્કમાં મંદિર તૈયાર થઈ રહ્યું છે જેની તારીખ ફાઈનલ થશે એટલે જાણ કરી દઈશું.

થોડાક સમય પહેલા મહારાજશ્રી સાથે વાત થઈ હતી. તેની એક અગત્યની જાહેરાત કરવાની છે. ૧૯૭૮ માં જ્યારે સૌ પ્રથમ **I.S.S.O.** ની સ્થાપના થઈ ત્યાર પછી થોડા વર્ષોમાં વિહોકન મંદિર થયું. ત્યાર પછી અનેક મંદિરો થતા ગયા જેમ જેમ હરિભક્તો ઈન્ડિયાથી આવતા ગયા, આજે ઘણી બધી જગ્યાએ એમની બીજી ત્રીજી જનરેશન છે. દિવસે ને દિવસે આપણા આ **I.S.S.O.** નો પરિવાર મોટો થતો જાય છે. ખાલી અમેરિકા જ નહી પણ યુ.કે. હોય, ઓસ્ટ્રેલીયા હોય બધી જ જગ્યાએ જ્યાં જ્યાં અમદાવાદ દેશના હરિભક્તો છે ત્યાં ત્યાં **I.S.S.O.** ને આગળ વધારવામાં હરિભક્તોએ મહેનત કરી છે. **૨૦૨૮ માં I.S.S.O. ને ૫૦ વર્ષ પૂરા થાય છે અને એ આપણા માટે બહુ ગૌરવની વસ્તુ છે.**

અત્યારે જે વડીલો બેઠા છે એ લોકો યુવાન હતા તે વખતથી અત્યાર સુધી **I.S.S.O.** માં સેવા આપી છે. અને એ ઈતિહાસ એ લોકો જાણે છે. સંસ્થાને ત્યાંથી આગળ વધારીને અત્યાર સુધી લાવવામાં હરિભક્તોએ કેટલી મહેનત અને પરિશ્રમ કરેલ છે. ત્યારે **I.S.S.O. ના ૫૦ વર્ષનો ઉત્સવ ૨૦૨૮ માં ખૂબ મોટા પાયે અને ખૂબ ધૂમધામથી ઉજવવાનો છે. કદાચ અહીં અમેરિકામાં સ્વામિનારાયણ સંપ્રદાયનો સૌથી મોટામાં મોટો કાર્યક્રમ થશે અને અતિશયોક્તિ ના હોય તો ત્યાં સુધી કહીશ કે અહીં હિન્દુ સંસ્થામાં કોઈ કાર્યક્રમ નહી કર્યો હોય એટલો મોટો કાર્યક્રમ આપણે કરવાનો છે.** એ ત્યારે થશે કે જ્યારે હરિભક્તોનો સાથ સહકાર હશે. તો એની પણ ડેટ (તારીખ) એક વર્ષ પહેલા આપી દઈશું, જેથી બધા હરિભક્તો એમાં જોડાઈ શકે અને એના ઉપલક્ષમાં પણ જે જે પ્રોગ્રામ થશે એની પણ બધાને અગાઉથી જાણ કરવામાં આવશે.

ત્યાર પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપણા ધોળકા મંદિરના આગામી **"ત્યોહાર"** માં પધારવા દરેક હરિભક્તોને ખાસ આમંત્રણ પાઠવ્યું હતું. અને અંતમાં બોસ્ટન મંદિરનો સત્સંગ દિવસે ને દિવસે આવી રીતે વધતો રહે અને મહારાજ બધાને સત્સંગ કરવાનું ખૂબ બળ આપે

## સત્સંગ જોગ

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સમસ્ત શ્રી નરનારાયણદેવ દેશના હરિભક્તોને જણાવવાનું કે, સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ) વિજાપુર, ઝાલાવાડ વઢવાણ પ્રદેશ તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (કલોલવાળા) રાજસ્થાન પ્રદેશ બંને સંતો-મંડળોને શ્રી નરનારાયણદેવ દેશના ઉપરોક્ત ગામોમાં હરિભક્તોને સત્સંગ, કથા વાર્તા, નામ, ધર્માદો આદિ સત્સંગી લક્ષી પ્રવૃત્તિ કરવા આજ્ઞા આપવામાં આવે છે. તો સૌ હરિભક્તો આ સેવા પ્રવૃતિમાં સુંદર સહકાર આપશો. જ્યાં જ્યાં પ્રવૃતિ થાય તેનો અહેવાલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને પહોંચાડશો.**

શ્રી સ્વામિનારાયણ

# શ્રી હરિની નિષ્ઠ સેવામાં સંતો-ભક્તોની વિવિધ સેવા

આપણને સૌને મનમાં સહેજે સંકલ્પ થાય જે, ભગવાન શ્રીહરિના સમયમાં તેમની વિવિધ પ્રકારની સેવા કોણ કરતા હશે ? જે તમામ માહિતી શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રમાં છે. તે શાસ્ત્રમાંથી આપ સૌને જાણવા માટે આ લેખના રૂપમાં પ્રકાશિત કરી છે. ઘણા ખરાએ આપણા આ શાસ્ત્રનું વાચન ન કર્યું હોય.

સ.ગુ. મુકુંદાનંદ વર્ણિ શ્રીહરિને સ્નાન કરાવવું, ચરણ દબાવવા, પથારી પાથરવી વગેરે મુખ્ય સેવા વિશેષપણે કરતા હતા અને દાદાખાચરનાં મોટાં બેન તપસ્વિની જીવુબા સર્વથા પવિત્ર થઈ દરરોજ સ્નેહપૂર્વક શ્રીહરિ માટે ગાળીને જળ લાવતાં હતાં. નારાયણાનંદ વર્ણિ પ્યાલા સહિત શ્રીહરિનું કમંડલ પીવા યોગ્ય જળ ભરીને શ્રીહરિની સમીપે રાખતા હતા. પોતે રક્ષણ કરેલું જળ શ્રીહરિને સમય પ્રમાણે આપતા હતા. ગોપાલાનંદ નામના વર્ણિ પ્રતિદિન શ્રી નારાયણમુનિનાં ભગવત્પૂજન પાત્રો માંજીને સાફ રાખવાની સેવા કરતા હતા તથા વાસુદેવાનંદ નામના નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રીહરિને શ્રીકૃષ્ણપૂજા માટે ચંદન ઘસવાની સેવા કરતા હતા. ઉમાભાઈ અને નાથજી બન્ને ભક્તો દરરોજ વિવિધ પ્રકારનાં સુગંધી પુષ્પો અને તુલસીપત્રો બગીચામાંથી લાવી આપતા હતા. અખંડાનંદ વર્ણિ સમગ્ર પૂજાના ઉપહારો, અગાઉ વર્ણવેલા ભક્તોએ લાવેલા ઉપહારો, ચીજો, વ્યવસ્થિત રાખીને શ્રીહરિને પૂજા સમયે સત્વરે લાવી આપતા હતા. ઉત્તમ રાજાનાં બહેન લાડુબા ઘી સહિત ઘઉંનો લોટ, તેલ, દૂધ, સાકર, શાક, ફળો વગેરે શુદ્ધ કરી પ્રતિદિન શ્રીહરિને અર્પણ કરતા હતા. ઉત્તમ રાજાનાં ત્રીજાં બહેન પાંચુબાઈ શ્રીહરિની રસોઈ કરવાની જગ્યા લીંપીને શુદ્ધ રાખતાં હતાં અને તેમની નાની બહેન નાનબાઈ શ્રીહરિના નિવાસસ્થાનને વાળીચોળીને શુદ્ધ રાખતાં હતાં. સોમાદેવી અને સુરપ્રભા એ બન્ને ઉત્તમરાજાની માતાઓ ધોળી માટીને છાણમાં ભેળવી શ્રીહરિના નિવાસસ્થાનને લીંપીને સુંદર રાખતાં હતાં. આનંદાનંદ અને ગોવિંદાનંદ એ બન્ને વર્ણિઓ શ્રીહરિને હોમ કરવા માટે વનમાંથી સમિધાઓ તથા શુભ દર્ભો લાવી આપતાં હતાં. હરજીભાઈ અને ઉકરાભાઈ શ્રીહરિ માટે વાડીમાંથી શાકભાજી લાવી આપવાની સેવા તથા મયાજી ભક્ત રસોઈ બનાવવા માટે લાકડાં લાવી આપવાની સેવા કરતા હતા. રતનજી ભક્ત રસોઈનાં વાસણો માંજીને સાફ કરતા અને હમીરજી ભક્ત શ્રીહરિને હાથ ધોવા માટે શુદ્ધ માટી લાવી આપતા. ગુમાનજી ભક્ત પ્રભુજી માટે રોજ તાજાં દાતણ લાવી આપતા હતા અને દ્વિજોત્તમ શિવરામ શ્રીહરિની પાદુકાનું રક્ષણ કરતા હતા. મયારામ વિપ્ર શ્રીહરિનાં વસ્ત્રોનું રક્ષણ કરતા હતા અને શુદ્ધ બુદ્ધિવાળા તે મયારામ સમય સમય પ્રમાણે શ્રીહરિને વસ્ત્રો આપતા હતા. તેમજ બ્રહ્મચર્યવ્રતવાળા જયાનંદ નામના નૈષ્ઠિક બ્રહ્મચારી પરમ આદરથી શ્રીહરિનાં વસ્ત્રો ધોઈ આપતા હતા. લાધાભાઈ અને હરજીભાઈ ઉત્તમ રાજાના શ્રેષ્ઠ બુદ્ધિવાળા કારભારીઓ શ્રીહરિને માટે પૈસાના લેવડદેવડનો વ્યવહાર કરતા હતા. શ્રીહરિની સેવામાં સદા તત્પર હેમન્તસિંહ રાજા સમસ્ત ગૃહસ્થ ભક્તોને સ્વધર્મમાં સ્થાપન કરવા વગેરે સેવામાં વર્તતા હતા. અને દાદાખાચર પોતે માનરહિત થકા શ્રીહરિની અવકાશ પ્રમાણે સમગ્ર સેવા કરતા હતા. શ્રીહરિના ભક્તોમાં અગ્રેસર એવા રામદાસભાઈ શ્રીહરિના સર્વ સેવકોને તે સેવામાં પ્રવર્તાવવાનું કાર્ય સમયાનુસાર કરતા હતા. પ્રયાગજી નામના પુરાણી ભોજનના અંતે શ્રીહરિ આગળ મહાભારત અને શ્રીમદ્ ભાગવત અને ધર્મશાસ્ત્રોની કથા કરતા હતા. નિત્યાનંદ સ્વામી તો દરરોજ રાત્રે શ્રીમદ્ ભાગવત-ભગવદ્ગીતા તથા વિષ્ણુસહસ્રનામસ્તોત્ર અને વાસુદેવમાહાત્મ્યની કથા વાંચતા હતા. શ્રીહરિની સેવામાં સદૈવ પ્રીતિવાળા શ્રીહરિના સહચર શુકાનંદમુનિ શ્રીહરિના પત્રો લખવા અને પુસ્તકોનું રક્ષણ વગેરે સેવા કરતા હતા. મહાબુદ્ધિશાળી શતાનંદ મુનિ શ્રીહરિજીએ લખાવેલાં વેદ વગેરે આઠ સચ્છાસ્ત્રોનું શ્રીહરિ આગળ તત્ત્વપૂર્વક શોધન કરતા હતા. તે શતાનંદમુનિ શ્રીહરિની લીલાઓથી ભરેલું, રમણીય અને ભક્તજનો માટે જીવનરૂપ સત્સંગિજીવન નામના ધર્મશાસ્ત્રની રચના કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુનું સદા સેવન કરનારા ગોપાળાનંદ સ્વામી સર્વ સાધુજનોનું ધર્મસંસ્થાપન અને જ્ઞાનોપદેશ વગેરેમાં શ્રીહરિની આજ્ઞાથી રહેતા હતા. અગાધ બુદ્ધિવાળા, શાસ્ત્રો ભણેલા, ગાનવિદ્યામાં કુશળ તથા કવિ એવા મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી આ બન્ને શ્રીહરિની પ્રીતિ માટે શ્રીહરિના માહાત્મ્યને પ્રકાશ કરનારા અનેક પ્રકારના પ્રાકૃત છન્દ-

પ્રબંધો-કીર્તનોની રચના કરતા હતા. ગાયનકળાની યુક્તિઓમાં કુશળ, ચાર પ્રકારનાં વાદ્યમાં નિપુણ પ્રેમાનંદ મુનિ શ્રીહરિનાં ગુણચરિત્રોથી ભરેલા પ્રાકૃત પ્રબંધો અને કીર્તનો રચતા હતા. પ્રાકૃત ગ્રંથ રચવામાં કુશળ નિષ્કુળાનંદમુનિ પ્રાકૃત ગ્રંથો બનાવતા હતા. વળી ધ્યાનાનંદ તથા પૂર્ણાનંદમુનિ તથા ઉત્તમ બુદ્ધિવાળા સુંદરજીભાઈ પ્રાકૃત ગ્રંથો રચતા હતા. દિનાનાથ ભટ્ટ નામના કવિ સત્પતિ શ્રીહરિની પ્રસન્નતા માટે સંસ્કૃત છંદ, પ્રબંધો અને અષ્ટકોની રચના કરતા હતા. બુદ્ધિમાન ગોવિંદાનંદમુનિ, અભેદાનંદ, ગુણાતીતાનંદમુનિ, શિવાનંદમુનિ અને પ્રજ્ઞાનંદમુનિ આ પાંચ સંતો શ્રીહરિની આગળ આદરપૂર્વક ભગવાન સંબંધી કીર્તનમય પદ્યોનું ગાન કરતા હતા. મહાનુભાવાનંદ, દુર્બળ દેહવાળા આત્માનંદ અને સ્વયંપ્રકાશાનંદ આ ત્રણ સંતો કાર્ય કરવામાં પ્રવીણ, દેશાન્તરથી શ્રીહરિના દર્શનાર્થે આવેલા ભક્તો તથા મુનિજનોને યથાયોગ્ય આતિથ્યસત્કાર કરતા હતા. નિરંજનાનંદ ઋષિ, આત્મનિષ્ઠ વ્યાપકાનંદમુનિ, સુખાનંદમુનિ, પરમ ચૈતન્યાનંદસ્વામી બીજા ગોવિંદાનંદ સ્વામી તથા આત્મદર્શી કૃપાનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી-આ બધા ઉત્તમ બુદ્ધિવાળા સપ્તર્ષિઓ દેશાંતરોથી આવેલા લોકોની આગળ પ્રતિદિન પરમ આદરથી ભગવાનની વાર્તાઓ કરતા હતા. મહાબુદ્ધિવાળા આનંદાનંદ સ્વામી શ્રીહરિની આજ્ઞાથી ભક્તિની રીત બતાવતા અને ભગવાનનાં મંદિરો બંધાવતા હતા. દેવરામ, નારાયણજી અને હીરજીભાઈ વગેરે શિલ્પીઓ આ ત્રણ ગૃહસ્થો અને આધારાનંદ સ્વામી-આ બધા શ્રીહરિની ચિત્રપ્રતિમાઓ બનાવતા હતા તથા માહેશ્વર અને દામોદરદાસ દેશાંતરોથી આવેલાં સ્ત્રીઓને યથોચિત ઉતારા આપતા હતા. તપસ્વિની, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત બાલયોગિની રમા દેશાંતરથી આવેલી સ્ત્રીઓની આગળ ભગવાન સંબંધી વાર્તાઓ કરતાં હતાં. કૃષ્ણદાસ અને રાજદાસ આ બંને વાળંદભક્તો શ્રીહરિની આગળ રાત્રિમાં દીપિકા (મશાલ) ધારણ કરતા હતા. વૃદ્ધ કરીમભાઈ ભક્ત શ્રીહરિના દર્શનાર્થે આવેલા ભક્તજનોને વારંવાર શ્રીહરિની આગળ નિવેદન કરતા સતા શ્રીહરિનું દ્વારપાલપણું કરતા હતા. સોમલાખાચર, સુરાખાચર, માનસિંહ, કેસરીસિંહ, વેરોજી, અલૈયાખાચર, ભગુજી, લાખાજી, જાલમસિંહ, રવજી, માનજી વગેરે શસ્ત્રધારી શૂરવીર બસો ક્ષત્રિય ભક્તજનો સર્વ સ્થળે સર્વત્ર નિરંતર શ્રીહરિજીની સેવામાં સાથે જ રહેતા હતા. મુક્તાનંદ આદિ ભક્તજનો શ્રીનારાયણમુનિની પરિચર્યાથી હૃદયમાં મનુષ્યજન્મનું સફળપણું જાણતા થકા પૂર્વે કહેલા પ્રકારે રાત્રિદિવસ આનંદપૂર્વક શ્રીહરિનું દાસપણું કરતા હતા; જે દાસપણું મુક્તિ કરતાં પણ દુર્લભ છે જ.

(સત્સંગિજીવન પ્રકરણ-૩, અધ્યાય-૨)

## દીપોત્સવી કાર્યક્રમ

**ચોપડા ખરીદવા માટે :** આસો વદ-૭ ને રવિવાર તા. ૧-૧૧-૨૦૨૬ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ :** આસો વદ-૧૨ શુક્રવાર તા. ૬-૧૧-૨૦૨૬ ધનતેરશ, મહાલક્ષ્મી પૂજન.

**કાળી ચૌદશ :** આસો વદ-૧૩ શનિવાર તા. ૭-૧૧-૨૦૨૬ કાલુપુર મંદિર શ્રી હનુમાનજી મહારાજનું પૂજન-આરતી સાંજે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

આસો વદ-૧૪ રવિવાર તા. ૮-૧૧-૨૦૨૬ કાલુપુર મંદિરમાં સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

**દીપોત્સવ :** આસો વદ-૩૦ સોમવાર તા. ૯-૧૧-૨૦૨૬.

**અન્નકૂટ દર્શન : સવારે : ૧૦-૦૦ થી 3-૩૦ સુધી**

**નૂતનવર્ષ :** વિ.સં. ૨૦૮૩ કારતક સુદ-૧ મંગળવાર તા. ૧૦-૧૧-૨૦૨૬.

**મંગળા આરતી : સવારે : ૫-૦૦ કલાકે**
**શણગાર આરતી : સવારે : ૬-૩૦ કલાકે**
**ગોવર્ધન પૂજા : સવારે : ૮-૦૦ કલાકે**
**રાજભોગ આરતી : સવારે : ૧૦-૧૦ કલાકે**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ મા અને ૮ મા વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૫૦૦/- ભરીને પહોંચ અને નંબર

# ધોળકા કેરી પંચતિર્થિ



- શાસ્ત્રી અજયપ્રકાશદાસ (ધોળકાધામ)

**વૌઠા** - સંવત ૧૮૬૮ ની સાલમાં કારતક સુદ-૧૪-૧૫ ના રોજ વૌઠામાં મોટો મેળો (સમૈયો) ભરાયો હતો. તેમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો તથા રાજાઓ તથા ગામે ગામથી ભક્તજનો પધાર્યા હતા. તેમાં ધોળકાના ભક્તજનો પધાર્યા હતા તેમણે શ્રીહરિની પૂજાનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૧૪ તરંગ)

વૌઠામાં સાત નદીઓનો સંગમ થાય છે ત્યાં પધારેલા. હાથમતી, માઝુમ, સાબરમતી, મેશ્વો, વાત્રક, ખારી, શેઢી, સાબરમતી. આ સાત નદીઓના સંમગ સ્થળે પધારેલા. કેટલાય ભક્તજનો મોટી મોટી ઘણી મશાલો પ્રગટાવીને મહારાજની સાથે ચાલતા હતા. એ જોઈને કોઈ ગોસ્વામી કહે, સ્વામિનારાયણને આટલું બધું તેલ કોણ પુરુ પાડતા હશે ? આટલી બધી મશાલો ? શ્રીજી મહારાજ આ સાંભળીને હસવા લાગ્યા. સ્વામિનારાયણને માથું સમર્પી દેવા આ બધા તૈયાર છે. સ્વામિનારાયણના ચરણે જીંદગી સમર્પી દઈ અને સ્વામિનારાયણની આજ્ઞા પાળે છે. તો સ્વામિનારાયણને કંઈ મશાલ માટે તેલ ન મળે ?

કૃપાળુ શ્રીહરિએ સંગમ સ્થળે સ્નાન કરી શિવજીને જળ ચડાવ્યું. મહાદેવજીના પૂજારીની ગરીબ દશા જોઈ મહારાજે તરત જ પોતાના હાથમાં કોઈ ભક્તે સોનાના કડા પહેરાવેલા, તે તરત જ કાઢીને આપી દીધાં.

આ વૈઠામાં નંદસંતોની સાથે મહારાજે મહાદેવની પૂજા કરેલ છે. જે ધોળકાથી આશરે ૧૫ કી.મી. દૂર આવેલ છે.

**ભાયલા** : સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે શિયાળથી ચાલ્યા તે કાણોતર રાણોસર થઈને ભાયલે પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ભાત થઈને અમદાવાદ પધાર્યા. (સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૩)

સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી કૂવાનું પાણી પીવા જતા હતા ત્યારે રાજપૂત અને લોહાણા પરિવારે તેમને આ ખારું પાણી ન પીવા વિનંતી કરી. પણ ખારું પાણી બધાને ચખાડતાં મીઠું લાગ્યું તેથી સંતોની ગામમાં પધરામણી કરી વર્તમાન ધરાવી સત્સંગી થયા. મહાનુભાવાનંદ સ્વામીએ ગામમાં મોટું મંદિર બંધાવ્યું. બાજુમાં જ ચમત્કારી ભીડભંજન હનુમાનજી પધરાવ્યા. જે આજે પણ બધાના સંકલ્પો પૂરા કરે છે. આ ભાયલા ગામ ધોળકાથી ૨૬ કી.મી. ના અંતરે આવેલ છે.

**કોઠ** - વિ.સં. ૧૮૭૮ ની સાલમાં અમદાવાદ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી તથા કાંકરિયા ભૂદેવોની ચોરાશી કરીને ચાલ્યા તે અસલાલી, જેતલપુર પધાર્યા. ત્યાંથી ધોળકાપુરે પધાર્યા. તે સમયે ત્યાં એક આશ્ચર્ય થયું કે ત્યાંના રાયચંદ નામે વણિક ભક્ત પોતાના દેહ ત્યાગ સમયે કોટી સૂર્ય, ચંદ્ર અને અગ્નિ સમાન તેજસ્વી તથા પોતાના ઘરને સ્વતેજથી પ્રકાશ કરતા શ્રીહરિ ભગવાનના અલૌકિક દર્શન કરીને મહાન આશ્ચર્ય પામતા હતા તથા સર્વ સત્સંગીઓ તથા ગામના બીજા પણ જનો શ્રીહરિનાં દિવ્ય સ્વરૂપે દર્શન કરીને મહાન આશ્ચર્ય પામતા હતા. તે વખતે રાયચંદ ભક્ત સર્વને કહેતા હતા કે હે ભાઈઓ ! આ તેજોમય મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાન મને અક્ષરધામમાં લઈ જવા માટે પધાર્યા છે અને તે અનંત જીવના કલ્યાણના દાતા સાક્ષાત્ સ્વંય ભગવાન છે. માટે દરેકે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરવો. એમ કહીને દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં ગયા. એ પ્રકારે સર્વોપરી ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ ધોળકા નગરમાં સર્વજનોને પોતાનો અદ્ભુત પ્રતાપ બતાવીને ત્યાંથી ગણેશ ધોળકામાં જઈને ગણપતિના મંદિરમાં ગયા. ને ગણેશજીની મૂર્તિને પ્રસાદીની કરી રાયણોમાં પોઢી ગયા. જાણે નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી નથી તેમજ કાંકરિયાના પાળે બ્રહ્મચોરાશી કરી નથી. જીવને કર્તાપણાનું અભિમાન ન આવે એટલા માટે આ ચરિત્ર કર્યું. કોઠમાં ૧૩ વખત શ્રીહરિ પધાર્યા છે. કોઠ ધોળકાથી ૧૩ કી.મી.ના અંતરે આવેલું છે.

**જવારજ** : સંવત ૧૮૭૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા તે કારિયાણી, કુંડળ, ચોકડી, પચ્છમ, સરગવાળા ગામ આવ્યા ત્યાં ભોગાવો નદી ઉતરીને ભક્તોનું ચિત્ત ચોરનારા શ્રીહરિ આગળ

આવ્યા. ત્યારે સુરા ખાચરે પૂછ્યું, મહારાજ આજે જમવાનું ક્યાં મળશે. ત્યારે શ્રીહરિએ કહ્યું, આજ કૌકા ગામ ગયા સિવાય બીજે ક્યાંય જમવાની આશા રાખવી નહિ. આ રીતે રમૂજ કરતા કરતા માર્ગમાં ચાલ્યા જતા હતા. રસ્તામાં જ્યારે જવારજ ગામ આવ્યું ત્યારે શ્રીહરિએ પોતાના અશ્વની લગામને ઢીલી મૂકી અશ્વને પોતાની ઈચ્છા મુજબ ચાલવા દીધો. ત્યારે તે અશ્વ ઊભો રહ્યો. તે સમયે ક્ષત્રિય બાઈઓ જેટલી હતી, તે ભાત લઈને આપવા જવા તૈયાર થઈ હતી. તેમના પુરુષ માત્ર ખેતરમાં ઘઉંની વાવણી કરવા ગયા હતા. શ્રીહરિએ તે ક્ષત્રિય બાઈઓની પાસે જમવાનું માગ્યું. તે ક્ષત્રિય બાઈઓની પાસે શ્રીહરિએ જઈને કહ્યું કે 'અમે તમારે ઘેર મહેમાન થઈને આવ્યા છીએ. તો સહુ બબ્બે રોટલા અમને આપો તો અમારે જમીને અત્યારે ચાલવું છે. સ્વામિનારાયણ કહે છે તે અમે પોતે છીએ. અમારી સાથે રહેલા બધા કાઠી દરબારોને જમાડશો તો માનો અમે જ જમ્યા છીએ. ત્યારે બાઈએ કહ્યું કે અમારા ઘરમાં ઘી અને ગોળ ઘણા છે. તો તે ઘીમાં આપ લોટ શેકી નાખો તેમાં કાંઈ વાર લાગશે નહિ. તે સમયે બ્રહ્મચારીએ તરત લોટને ઘીમાં શેકીને ગોળ નાખી ભોજન (શીરો) તૈયાર કર્યું અને શ્રીહરિ જમ્યા. વળી બધા કાઠી દરબારોને રોટલા, ગોળ, ઘી અને દહીં લઈને ખૂબ ભાવથી જમાડ્યા. જવારજમાં સહુ કાઠી દરબારોને જમાડીને શ્રીહરિ તરત ચાલી નીકળ્યા. (શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૧૯, તરંગ-૩૬-૩૭)

આઘાર બારોટનું ઘર પ્રસાદીનું છે. ત્યાં પથ્થરની ઘંટી પ્રસાદીની છે. અહીં શ્રીહરિ ૧૫ વાર પધાર્યા છે. ધોળકાથી આશરે જવારજ ગામ ૩૭ કી.મી. ના અંતરે આવેલ છે.

**ચલોડા :** સંવત ૧૮૬૭ ની સાલમાં શ્રીહરિએ જેતલપુરમાં મોટા યજ્ઞ માટે ઘણો સામાન વગેરે લાવ્યા હતા. તે યજ્ઞ બંધ રખાવવા અમદાવાદથી પેશ્વાનું લશ્કર આવ્યું. તે અંતર્યામી શ્રીહરિએ જાણીને બધા ભક્તજનોને શીખામણ આપી કે કોઈ ઝગડો કરશો નહિ. લશ્કર આવેને કોઈપણ સામાન લૂંટે તો લૂંટવા દેજો તેમ કહી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા તે ચલોડા ગામ પહોંચ્યા. અહીં લશ્કર આવ્યું બધે તપાસ કરી પણ શ્રીહરિ ન મળ્યા તેથી આસુરી સેના પાછી ગઈ. ચલોડા ગામના પાટીદાર હરિભક્તોને ખબર મળ્યા એટલે સહુ સન્મુખ આવ્યા. સહુએ હાથમાં શ્રીફળ અને ફૂલહાર લીધા હતા. હૃદયમાં અપાર આનંદ ઉભરાતો હતો. સહુએ પહેલા તો દંડવત પ્રણામ કર્યા. શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિના હાથમાં આપ્યાં. અને પછી ફૂલહાર પહેરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. પાઘમાં બંને બાજુએ તોરા લટકાવ્યા તે સિવાય કાન ઉપર ગુચ્છ ધરાવ્યા. હાથમાં એક ફૂલ નો ગુચ્છ આપીને અલૌકિક લાભ લીધો.

ઢોલ અને ત્રાંસા વગેરે વાંજિત્ર વગાડીને શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ગામના બધા જ લોકો આવીને બજારમાં ઉભા રહ્યા. બંને હાથ જોડીને ચરણોમાં પડતા અને ઘણાજ નિર્મળ ભાવથી મસ્તક નમાવતા હતા. ગામના લોકો દર્શન કરતાં કરતાં તૃપ્ત થાતા ન હતા. પછી ગામમાં જીતબાનો માઢ હતો ત્યાં ઉતર્યા. માઢ ઉપર બેસી મહારાજ થાળ જમ્યા. અને પછી પોઢ્યા. પછીં ત્યાંથી શ્રીહરિ જેતલપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૧૪, તરંગ-૪-૬)

મંદિરના પાછળના ભાગે જીતબાનો માઢ છે. તેના ઉપર મહારાજ બિરાજેલા અને થાળ જમ્યા હતા અને વરદાન આપેલ કે આ માઢ નીચેથી જે પસાર થશે તેનું કલ્યાણ કરીશ. માઢ દર્શનીય છે.

ચલોડામાં શ્રીહરિ ૧૩ વખત પધારેલ છે. ચલોડા ગામ ધોળકાથી ૯.૫ કી.મી.ના અંતરે આવેલ છે.


**ફક્ત ધર્માદા માટેનો QR Code**




**અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી નરનારાયણદેવના કોઠારમાં આપનો દશાંશ - વિશાંશ ધર્માદા માટેનો આ QR Code છે. જે ફક્ત ને ફક્ત ધર્માદા માટેનો જ છે. તેની સર્વે હરિભક્તોએ ખાસ નોંધ લેવી.**

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકાધામ બિરાજમાન શ્રી મોરલીમનોહરદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનો

# ૨૦૦ વર્ષ દ્વિશતાબ્દી મહોત્સવ

ત્યોહાર ધોળકા

6 to 10 January 2027



વળી ધોળકે મંદિર રળાવી રે, તેમાં મૂર્તિ સારી પધરાવી રે,
એવો કરિયો એહ ઉપાય રે, જેણે કરી ત્યાં સુખી થાય રે
મોરલી મનોહર હરિકૃષ્ણ રે, પોતે શ્રીજી થઈ અતિ પ્રસન્ન રે,
જીવ સનાતન ઉદ્ધારવા કાજરે, લાવ્યા ત્યાં ઘણી વાર લઈ રાજરે

પુરૂષોત્તમપ્રકાશ - ૩૩



ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વહસ્તે નવ મંદિરો કર્યા તેમાં સાતમાં ક્રમે ધોળકાધામમાં સ્વહસ્તે મંદિરમાં શ્રીમોરલી મનોહરદેવ હરિકૃષ્ણમહારાજની સ્થાપના કરી તેને ૨૦૦વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા ભાવિ આચાર્ય પ.પૂ.૧૦૮ શ્રી વૃજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે દ્વિશતાબ્દી ત્યોહાર મહોત્સવ ધામધુમથી ભવ્યાતિભવ્ય ઉજવાશે.

## મહોત્સવના ઉપલક્ષમાં ધાર્મિક એવમ્ સામાજીક વિવિધ આયોજન

- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ૨૦૦ મિનિટની ધૂન
- ૨૦૦ પ્રદક્ષિણા કરવી ધોળકાધામની પદયાત્રા કરવી
- દર મહિનાની પૂર્ણિમાંએ ધોળકાધામ દર્શન કરવા આવવું
- વૃક્ષારોપણ બ્રહ્મભોજન
- શ્રી સ્વામિનારાયણ
- મંત્રલેખન બુક
- ભવ્ય પુષ્પ અભિષેક
- પદયાત્રા
- સમૂહ વંદુ સહજાનંદના પાઠ
- દર એકાદશી તેમજ પૂનમના દિવસે
- સમૂહ જનમંગલપાઠ સવારે
- વચનામૃતના પાઠ
- ઘર મહાપૂજા
- સમૂહ મહાપૂજા
- દર શનિવારે સુંદરકાંડના પાઠ ધોળકાધામમાં
- ભક્તચિંતામણીના પાઠ
- ગામડે ગામડે ગ્રામ્ય સત્સંગ સભા
- સોસાયટીમાં સત્સંગ સભા
- જરૂરિયાતમંદને અનાજ - કીટ વિતરણ
- વૃદ્ધાશ્રમોમાં ભોજન વિતરણ
- દર મહિનાના છેલ્લા રવિવારે મંદિરમાં સત્સંગ સભા
- દર એકાદશીએ મહિલા સત્સંગ સભા
- શ્રીમદ્ ભાગવત્ પારાયણ
- શ્રી મહાવિષ્ણુયાગ
- મેડીકલ કેમ્પ
- શ્રી સ્વામિનારાયણ બીજ મંત્ર હોમાત્મક અનુષ્ઠાન યજ્ઞ

યજમાન બનવા / સેવા નોંધાવવા સંપર્ક : 9879370457

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ધોળકા (મુખ્ય)**

ફાયર સ્ટેશનની બાજુમાં, જી.અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ ઝોન



# ઠાકોરજીની સેવારીતિમાં મહત્વની વિગતો

- જી. વી. સીતાપરા (અમદાવાદ)

## પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ પ્રેરણાથી

ભગવાન કે ભગવાનના અવતારો પૃથ્વી પર જ્યારે પ્રત્યક્ષ મનુષ્ય દેહ ધારણ કરીને વિચરણ કરતા હોય તે સમયે આપણે જે રીતે પરમાત્માની સેવા-પૂજા કરતા હોઈએ છીએ તે જ રીતે આપણે ઠાકોરજીના અર્ચા સ્વરૂપોની સેવા-પૂજા કરીએ તો જ આપણે મૂર્તિ સ્વરૂપે બિરાજમાન ઠાકોરજીને પ્રત્યક્ષ જાણ્યા કહેવાય અને પ્રત્યક્ષ છે જ કારણ કે મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિના વચનથી ઠાકોરજી મૂર્તિ સ્વરૂપે સદાય પ્રગટ બિરાજે છે.

ધર્મવંશી આચાર્યશ્રી આપણા ધર્મગુરુ છે. તેઓશ્રીને ઠાકોરજી સાથે સુધો મન મેળાપ હોય છે. જેના ઘણા પ્રસંગો પણ સંપ્રદાયમાં સુવિદિત છે. તેથી શ્રી ઠાકોરજીની સેવા રીતિ અંગે તેઓશ્રી જાણે તેવું આપણે ન જાણીએ. પરંતુ તેઓશ્રીના વચનમાં વિશ્વાસ લાવીને, તેઓશ્રીની રુચિ અનુસાર ઠાકોરજીની સેવા કરીશું તો આપણા ઉપર ઠાકોરજી વિશેષ રાજી થશે એ નિશ્ચિત વાત છે.

તો આવો, આ લેખના માધ્યમથી કેટલીક મહત્વની વિગતો જોઈએ :

**ઠાકોરજીના સ્વરૂપો કે ગણપતિ-હનુમાનજી આદિક સ્વરૂપોને પ્લાસ્ટીક કે રંગ બેરંગી કાગળ જેવા કૃત્રિમ ફૂલના હાર ક્યારેય ધરાવવા નહી. ઓરીજીનલ સાચાં ફૂલ ન મળી શકે તેમ હોય તો ન ધરાવવા, પરંતુ કૃત્રિમ ફૂલનો ઉપયોગ તો ક્યારેય ન કરવો. સુકા મેવાના હારની અંદર પણ સુંદરતા લાવવા કૃત્રિમ ફૂલ ક્યારેય ન ગૂંથવા કારણ કે આવા હાર બનાવવામાં સરેસ - ચીકણા પદાર્થનો ઉપયોગ થતો હોય છે, જે અશુદ્ધ-અપવિત્ર ગણાય છે. અપવિત્ર હાર ઠાકોરજીને ન ધરાવવા.** કુદરતી ફૂલમાં સુગંધ હોય છે, કૃત્રિમ ફૂલમાં સુગંધ નથી હોતી.

વિશેષમાં વાસી (મોગરાનું પુષ્પ તેમજ માળીના ઘરે રહેલા પુષ્પો વાસી ગણાતા નથી). સૂકાઈ ગયેલા, સીધા જ પૃથ્વી પર રાખેલા, સ્મશાન પાસે ઉગેલા, કોઈએ સૂંઘેલા, કોઈ દેવના શિર પર ચડેલા, લીટ કે થુંકને અડેલા કે મલિન વસ્ત્રમાં રહેલા તેમજ આંકડો-ભોરીંગણી, ધતૂરો વગેરે શાસ્ત્રોએ અમાન્ય કરેલ પુષ્પો ઠાકોરજીને કહેતા વિષ્ણુને ક્યારેય ન ધરાવવા. ચંપો અને કેતકીના ફુલોથી શિવ પૂજન ન કરવું.

**ઠાકોરજીને પેન્ટ, શર્ટ, બેલ્ટ, ચશ્મા, પોલીસનો ડ્રેસ કે ક્રિકેટરનો ડ્રેસ વગેરે આધુનિક પોષાક ક્યારેય ન ધરાવવો. ઠાકોરજીને ચામડાની કોઈપણ વસ્તુ ન ધરાવવી, માતાજીને પણ ચામડાનું પર્સ વગેરે ન ધરાવવું.**

**શ્રીહરિ ઘણીવાર ખુરશી પર બેઠા હોય તેવું દર્શન કરાવવા મૂર્તિના ઓરીજીનલ ચરણની આગળ કૃત્રિમ પગ ન મૂકવા તથા વર્ણીવેશનું દર્શન કરાવવા મહારાજને મસ્તક ઉપર કૃત્રિમ વાળની જટા ધારણ ન કરાવવી.** તેમ કરવાથી ઠાકોરજીની મર્યાદાનો ભંગ થાય છે. વળી અપવિત્રતાનું દર્શન થાય છે.

**રાધિકાજી, લક્ષ્મીજી વગેરે માતાજીના સ્વરૂપોને પણ કૃત્રિમ વાળ અથવા આધુનિક વીંગથી મસ્તકની શોભા ક્યારેય ન કરવી.**

**શુધ્ધ ખાતરીપૂર્વકનું અત્તર હોય તો જ ઠાકોરજીની સેવામાં ઉપયોગ કરવો.** અત્તરમાં ઘણીવાર કેમિકલ્સની ભેળસેળ થતી હોવાથી ઠાકોરજીની મૂર્તિ પર પોપડી પડે છે. અત્તરને બદલે ચોખ્ખું સુખડનું તેલ વાપરવું. અત્તરને બદલે જે સેન્ટ આવે છે તેમાં એવું કહેવાય છે કે તેમાં આલ્કોહોલનું મિશ્રણ હોય છે. તેથી આવું સેન્ટ ઠાકોરજીના વાઘા-વસ્ત્ર પર કદાપિ છાંટવુ નહી તથા તેવી બોટલને ઠાકોરજી સમક્ષ ધરાવવી પણ નહિ.

**ગ્રીષ્મ ઋતુમાં જ્યારે ચંદનના વાઘા થતા હોય ત્યારે મૈસુરનું પાકું ઓરીજીનલ ચંદન હોય, મંદિરમાં હરિભક્તોએ લાકડું જાતે ઘસીને કે મશીન દ્વારા ચંદન પ્રાપ્ત કર્યું હોય તો તેવું ખાતરીપૂર્વકનું ચંદન મૂર્તિને વાઘાના માધ્યમથી સીધું જ સ્પર્શ કરે તો તેમાં મૂર્તિને કોઈ નુકશાન ન થાય. ઠાકોરજીને શીતળતા અર્પી સુખરૂપ**

**થાય અન્યથા તૈયાર પાઉડર લાવી ને જો ચંદનના વાઘા કરવાના હોય તો મૂર્તિ પર પાતળું સુતરાઉ કે મલમલનું વસ્ત્ર રાખી તેના ઉપર ચંદનનો ઉપયોગ કરી વાઘા કરવા.** કારણ કે તૈયાર ચંદનમાં જે રંગ ઉમેરવામાં આવે છે તે રંગમાં કેમિકલ્સ હોવાથી અને કેમિકલ્સમાં ક્ષાર આવવાથી મૂર્તિ પર ક્ષારની પોપડી પડી જાય છે. તો વધારે ક્ષાર લાગે તો મૂર્તિ ખંડિત થવાનો પણ ભય રહે છે. આવા ચંદનમાં પર્યાપ્ત માત્રામાં ઠંડક પણ નથી હોતી. આપણે લલાટમાં કેમિકલયુક્ત ચંદન અને કેમિકલ યુક્ત કંકુથી તિલક-ચાંદલો કાયમ કરતા હોઈએ તો લલાટમાં કાળી છાપ પડી જાય છે અને સમયાંતરે બળતરા પણ થાય છે તો તેવી રીતે કેમિકલ યુક્ત ચંદન ઠાકોરજીને પણ સુખરૂપ ન થાય એ સ્વાભાવિક છે.

**ઠાકોરજીની મૂર્તિ પર લાઈટની રોશની ઝબક ઝબક થતી હોય તેવો શો ન કરવો તેમજ મૂર્તિ પર જરૂરિયાતથી વધારે વોલ્ટની ભારે લાઈટ પણ ન કરવી.** દક્ષિણ ભારતમાં ઠાકોરજીના ગર્ભગૃહમાં દીવો પ્રગટાવીને અજવાળું કર્યું હોય છે. આપણે એવું ન કરીએ પરંતુ મધ્યમ માર્ગ અપનાવીને ઠાકોરજીને સુખરૂપ થાય અને ભક્તોને પણ ઠાકોરજીનું દર્શન કરવામાં સુગમતા રહે એ પ્રમાણે લાઈટ રાખવી.

**રંગબેરંગી તૈયાર ફળોના રસથી ઠાકોરજીને અભિષેક ન કરવો. તૈયાર રસોમાં ભેળસેળ વગેરેની પૂરી સંભાવના હોય છે.**

**ઠાકોરજીને પ્લાસ્ટીક વગેરેના રમકડા ન ધરાવવા.**

**હિંડોળા ઉત્સવમાં શાસ્ત્ર પ્રમાણિત મૂળ સંપ્રદાયના ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા માન્ય થયેલ ઠાકોરજીના ચલ સ્વરૂપો હિંડોળામાં પધરાવવા.** દરેક બાબતમાં ઠાકોરજીને રાજી કરવાનો ભાવ રાખવો પરંતુ માત્ર દર્શનાર્થીઓને રાજી કરવા હેતુથી કોઈ શો બાજી ન કરવી. ફાઈબર કે સિલિકોનની આધુનિક મૂર્તિઓ ન રાખવી.

હરિમંદિરમાં ખાસ કરીને ગામડામાં ગૃહસ્થ પૂજારીશ્રીએ જ્યારે ઠાકોરજીની સેવા કરવાની હોય ત્યારે નાહી-ધોઈને પવિત્ર રહેવાનો તથા તમામ પૂજારીશ્રીએ આંતર શૌચ રાખવાનો નિયમ પણ અવશ્ય રાખવો. કારણ કે શ્રી હરિલીલામૃતમ્ પ્રમાણે જોઈએ તો,

**ધર્મી ભલા પૂજક હોય જ્યાંય,**
**રહે તહાં દૈવત દેવમાંય,**
**અધર્મીનો સ્પર્શ થકી જરૂર,**
**દેવો તણું દૈવત જાય દૂર.**
**અધર્મીનો સ્પર્શ અશુધ્ધ લાગે,**
**ચાંડાળથી બ્રાહ્મણ જેમ ભાગે,**
**કામી રસાસ્વાદિ હરામી સેવે,**
**તે મૂર્તિમાં વાસ વસે ન દેવે ?**

**સાંજના નિયમ ચેષ્ટા કરીને પછી જ મહારાજને પોઢાડવા.**

સત્સંગીના ઘરનું ઠાકોરજીનું સિંહાસન સત્સંગીની સમજણ, સત્સંગ, શ્રધ્ધા-નિષ્ઠા, ભક્તિ ભાવની સ્થિતિ તથા નિશ્ચયનું દર્શન કરાવે છે. સિંહાસન હરિભક્તની ઉપાસનાનું પ્રતિબિંબ પાડે છે. સિંહાસનમાં ઠાકોરજી - શ્રીહરિ કે શ્રીહરિનું સ્વરૂપ પધરાવવું પરંતુ જ્યાં ગયા ત્યાંથી લેતા આવ્યા અને જેણે આપ્યું તે લાવીને સિંહાસનમાં પધરાવ્યું એવું ન કરવું, જેઓ એવું કરે છે તેના સિંહાસનમાં સમયાંતરે થાળ મૂકવાની જગ્યા પણ નથી રહેતી અને સેવામાં દ્રષ્ટિ અને મન ક્યાંય સ્થિર થતા નથી માટે સિંહાસન ચોખ્ખું રાખવું. વળી પોતાના ઘેર સિંહાસનમાં પણ ઠાકોરજી પ્રગટ બિરાજે છે એવી ભાવનાથી સમયે સમયે આરતી-થાળ વગેરે સેવા ચીવટ રાખીને શ્રધ્ધા પૂર્વક ભાવથી કરવી. ઘરના ઠાકોરજીની સેવા માત્ર બહેનો ઉપર ન ઢોળી દેતા ભાઈઓએ પણ લાભ લેવો. કારણ કે અંબરીષ રાજાનો દાખલો લઈએ તો,

**શ્રીમંત રાજા અતિ અંબરીષ,**
**સ્વહસ્ત સેવા કરતો અધીશ.**
**એવી જ શ્રધ્ધા ઉર હોય જેને,**
**સેવા તણો છે અધિકાર તેને.**

અંતમાં કોઈ વ્યક્તિ વિશેષ કે કોઈ મંદિર ઉપર આ લેખ નથી. આપણા બધા માટે ઉપયોગી આ લેખ છે. મંદિરોમાં જેઓ ઠાકોરજીની સેવા પૂજા કરે છે એ ખૂબ મોટા ભાગ્યવાળા છે. પરંતુ જે તક મળી છે તેનો અતિ મહિમા પૂર્વક લાભ લઈએ તો શ્રીહરિ આપણા ઉપર વિશેષ રાજી થશે. અસ્તુ, જયશ્રી સ્વામિનારાયણ.

## ઠાકોરજીના અન્નકૂટ અંગે

**ઠાકોરજીનો અન્નકૂટોત્સવ આસો વદ-૩૦ તા. ૯-૧૧-૨૦૨૬ સોમવારના રોજ છે. આપણા વ્રત ઉત્સવના નિર્ણયમાં ઉપર મુજબ જ છે. પરંતુ દફ્તા-કેલેન્ડરમાં શરત ચૂકથી કારતક સુદ-૧ ના છે. જે ખોટું છપાયું છે. જેની સર્વે સત્સંગને જાણ થાય.**

**- શાસ્ત્રી અજયભાઈ**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

**સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા**
**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી**

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન**
**દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-સપ્ટેમ્બર-૨૦૨૬

| | |
|---|---|
| તા. ૦૬-૦૯-૨૦૨૬ | (સવારે ૭ કલાકે) પ.ભ. યોગેશભાઈ અમૃતલાલ ભાવસાર - નવા વાડજ. |
| તા. ૦૬-૦૯-૨૦૨૬ | (સવારે ૧૧ કલાકે) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - કાંકરોલ (હિંમતનગર). |
| તા. ૧૦-૦૯-૨૦૨૬ | શ્રી મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર નવા વાડજ. |
| તા. ૧૪-૦૯-૨૦૨૬ | પ્રસાદીના શ્રી ગણપતિજીનું સમૂહ પૂજન. |
| તા. ૧૫-૦૯-૨૦૨૬ | પ.ભ. સાહિલ અનિલકુમાર પટેલ - ઉનાવા. |
| તા. ૧૯-૦૯-૨૦૨૬ | પ.ભ. ભાવનાબેન રાજેશકુમાર પટેલ - ઘાટલોડિયા. |
| તા. ૨૦-૦૯-૨૦૨૬ | પ.ભ. કિરણભાઈ ગોવિંદભાઈ પટેલ - ઘાટલોડિયા. |
| તા. ૨૧-૦૯-૨૦૨૬ | પ.ભ. જયશ્રીબેન ચંદુભાઈ પટેલ - ઉસ્માનપુરા. |
| તા. ૨૯-૦૯-૨૦૨૬ | શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, એપ્રોચ, બાપુનગર |

## પ્રસાદીના હનુમાનજીનું સમૂહ પૂજન તથા અભિષેક

**શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં પૂજેલ હોલ નં. ૧ માં પધરાવેલ પ્રસાદીના શ્રી હનુમાનજી મહારાજનું સમૂહ પૂજન તથા અભિષેકનું આયોજન તા. ૭-૧૧-૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૮-૩૦ કલાકે કરવામાં આવેલ છે. પૂજા તથા અભિષેકનો લાભ લેવા ઈચ્છતા હરિભક્તોએ ઓફિસમાં સંપર્ક કરવો.**

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર હવેલી)**
**"સંપૂર્ણ નિરાકુળતા ક્યારે પ્રાપ્ત થશે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

બધાને અધિક માસના ઉપવાસ અને નિયમો એ બધુ કેવુ ચાલે છે ? જુઓ ઉપવાસનો સાચો અર્થ છે દસેય ઈન્દ્રિયો અને મન તેને જીતવાના. શીરો-પુરી શાક-પાપડ એમ બધી દસ વાનગી ખાઈને ઉપવાસ કરો એને ઉપવાસ ના કહેવાય. ઉપવાસના દિવસે ના રહેવાય તો એક જ વસ્તુ ખાવાની. **વિશેષે કરીને રસના ઈન્દ્રિયને જીતવા માટે ઉપવાસ છે.** અને કોઈપણ કામના વગર ઉપવાસ કરવાનો. આપણે કોઈપણ સારુ કાર્ય કરીએ એટલે જાણે-અજાણે અંદર ઈચ્છા જાગૃત થઈ જ જાય છે કે હું આટલું કરું છું તેના માધ્યમથી મને આ વસ્તુ પ્રાપ્ત થઈ જાય તો સારુ. કામના નહિ રાખવાની એનું કારણ શું છે ? કામનાથી જ્ઞાનનું હરણ થાય છે. કામના આપણા જ્ઞાન ઉપર આવરણ લાવી દે છે. જ્ઞાન ઉપર આવરણ આવે છે. અર્થાત્ અજ્ઞાનતા વ્યક્તિને પોતાની ઈચ્છાપૂર્તિ માટે ભટકાવી દે છે. અમુક વખતે અંદરથી એવું થઈ જાય છે કે ગમે તેમ કરીને મારી ઈચ્છા પુરી કરવી છે. અને એમાં અંતે માણસ દુઃખી થઈ જાય છે. મોટા ભાગે છેતરાય છે. અર્થાત્ કોઈપણ રીતે કામનાની પૂર્તિ પાછળ માણસ એટલો ઘેલો બની જાય છે કે સામેની વ્યક્તિ આપણો દૂરપયોગ કરે તો પણ ખબર નથી પડતી. આવી તીવ્ર કામના ક્યારે ઉત્પન્ન થાય છે ? વિષય વસ્તુનો સંગ જોઈન ઉત્પન્ન થાય છે. કામનાનું કારણ છે 'મોહ' 'મોહનું કારણ પંચવિષય છે.' જ્યાં સુધી રમણીય પંચવિષયમાં ચિત્ત લોભાય છે ત્યાં સુધી મોહ ટળે નહિ. મોહને ઉદય થયાનું કારણ વિષયમાં આસક્તિ તે જ છે. **સાચા જ્ઞાનનો 'અભાવ' છે માટે આવું થાય છે.** આપણી બધી કામના પુરી થાય છે એવું હોતું નથી. આપણે ભલે ભગવાન પાસે બધુ માગીએ પણ **ભગવાન ઉચિત (યોગ્ય) હોય છે. અને આપણા હિતમાં હોય છે. એ જ કામના પુરી કરે છે.** નારદજીને લગ્ન કરવાની ઈચ્છા ઉત્પન્ન થઈ હતી. ભગવાનને કીધું કે : "જો મારા હિતમાં હોય તો ઈચ્છા પુરી કરજો." ભગવાને કીધું કે : **"જેમાં તમારું પરમ હિત હશે એ જ હું કરીશ."** ભગવાન બધાની કામના પુરી કરી દેતા નથી. અને પછી ધારો કે આપણી કોઈ કામના પુરી થઈ જાય તો શું થાય છે ? બીજી કામના ઉત્પન્ન થાય છે. જે બધાને ખબર છે. એટલે કામના બધી ક્યારેય પુરી થવાની નથી એનો અંત જ નથી. અને કામના પુરી ના થાય તો ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધમાં માણસ ભ્રમિત થઈ જાય છે. અર્થાત્ વિવેકરહિતપણું (મોહ) ઉપજે છે. એના કારણે બુદ્ધિનો નાશ થાય છે. પરિણામે માણસનો વિનાશ થાય છે. અર્થાત્ **'માણસ વિષયોમાં ડૂબી જાય છે.'** એટલે ભગવાને મારી કામના પુરી કેમ ના કરી એવું નહિ રાખવાનું એના લીધે શ્રધ્ધા ડગાવી નહિ દેવાની. ભજન-ભક્તિ કરવાનું છોડી નહિ દેવાનું કરતા જ રહેવાનું. નાસ્તિક લોકો હોય છે એ ભગવાનને નથી માનતા તો પણ સારી રીતે જીવે છે. એમના પાસે પણ બધુ જ હોય છે એટલે આપણને એવું દેખાય છે કે એમના ઉપર ભગવાને કૃપા કરી છે. અને એવું થઈ જાય છે કે આપણે ભજન-ભક્તિ સત્સંગ બધુ કરવાનો મંદિરે જવાનો શું મતલબ છે? એવું નહિ વિચારવાનું. એમના પાસે જે છે એ એમના અગાઉના જન્મના પુણ્યનું ફળ છે. અને અત્યારે એ લોકો ભજન-ભક્તિ કાંઈ નથી કરતા તેનું ફળ હવે પછીના જન્મોમાં આવશે. આ પૃથ્વી પર છે એ બધા ભગવાનના સંતાન છે. બધા દીકરા-દીકરીઓ માતા-પિતા માટે સમાન હોય છે. **'પરમાત્મા ન્યાયસ્વરૂપ છે.'** બધાને ન્યાય કરે જ છે. એટલે કોઈનું સારું જોઈને એવું કાંઈ નહિ વિચારવાનું **આપણે આપણું જોવાનું.** આપણને એમની જે કાંઈ સંપત્તિ દેખાય છે તે પણ એમણે અથાગ પરિશ્રમથી ઉપાર્જિત કરેલું છે. એનું પરિણામ છે. આપણે જોઈએ છીએ કે ઘણા અથાગ પરિશ્રમ કરે છે તો પણ જોઈએ એવું ફળ મળતું નથી એનું કારણ એમના પ્રારબ્ધમાં ઓછું હોય છે. અને ઘણા લોકો ઓછી મહેનત કરે છે તો પણ ઘણું બધું મળી જાય છે. **જે ભક્ત ઉપર ભગવાન સાચી કૃપા કરે છે ત્યારે તેને સત્સંગ આપે છે.** જે જીવ ભગવાનના શરણે આવ્યો હોય છે અને ભજન-ભક્તિ કરે છે ત્યારે ભગવાનને એ જીવને સંસાર ચક્રમાં ફરતો જોઈને એની ઉપર દયા આવે છે. ભગવાન વિચારે છે કે આ જીવ આટલું બધું સાધન કરે છે સાચા મનથી મને પામવાનો પ્રયત્ન કરે છે તો હું એક મોકો આપું એમ વિચારીને **એના ફળસ્વરૂપે ભગવાન એને સત્સંગ આપે છે. સાચા માણસોનો સંગ આપે છે.** સત્સંગનો સાચો અર્થ શું છે ? ભગવાનના સદ્‌ગુણો ભગવાનનું સ્વરૂપ, ભગવાનનો સ્વભાવ, પ્રભાવ. ભગવાન પ્રાપ્તિમાં બાધક શું છે ? એ બધી ચર્ચા સત્સંગમાં થાય છે. **ભક્તિમાર્ગમાં સૌથી મોટું બાધક અભિમાન છે. માયાપતિનું ચિંતવન કરવાથી અભિમાનમાંથી મુક્તિ મળે છે.** સત્સંગમાં ભગવાનના ગુણો અનંત છે. અપાર છે. એ બધુ શ્રવણ કરતા કરતા

ભક્તને મગજમાં એ બધા ભગવાનના સારા ગુણો વિષે ખ્યાલ આવે છે ત્યારે ભક્તને સાચી ખબર પડે છે કે મારા અંદર જે ગુણો છે તે તો ભગવાનના ચરણરજની અણુંની બરાબર પણ નથી. એટલે **સત્સંગના માધ્યમથી એનું અભિમાન ટળી જાય છે.** અને સત્સંગનો મહિમા વિશેષપણે સમજાય છે ત્યારે એ શરણાગત ભક્તને ભગવદ્‌પ્રાપ્તિ ધીમે ધીમે થઈ જાય છે. પરમાત્મા અંશી છે અને આપણે તેમના અંશ છીએ. એટલે આપણે એમના તરફ ખેંચાઈએ છીએ. 'પૃથ્વી' તત્વ જે વસ્તુમાં હશે તેને આપણે ઉપરથી ફેંકશું તો એ પૃથ્વી તરફ નીચે જ આવશે. એવી રીતે 'વાયુ' અને 'અગ્નિ' છે તેમાં 'આકાશ' તત્વ છે એટલે ઉપર તરફ જાય છે. **જેવી જેની પ્રકૃતિ હોય છે એ પ્રમાણે એ ખેંચાય છે.** આપણે આત્મા છીએ આત્મા પરમાત્મા બની શકતો નથી પણ પરમાત્માના સાધર્મ્યપણાને પામી શકે છે. એવી શક્તિ આત્મા ધરાવે છે. અને તે આપણે પોતે જ છીએ. **'આપણું સાચું સ્વરૂપ આત્મસ્વરૂપ છે.'** એટલે આપણે પરમાત્મા તરફ સ્હેજે ખેંચાઈએ છીએ. **જ્ઞાન થાય છે એ વ્યક્તિ પરમાત્મા તરફ અવશ્ય ખેંચાય છે. અજ્ઞાનથી જીવને આ માયાનું બંધન છે.** જેમ જેમ જ્ઞાન વધતું જાય છે એમ જીવ (આત્મા) પરમાત્માની નજીક પહોંચતો જાય છે. આપણે ગમે તેટલા સારા કર્મો કરીએ તો પણ આપણી વ્યાકુળતા કેમ રહે છે ? અજ્ઞાનતાને લીધે 'વ્યાકુળતા' રહે છે. જેમ જેમ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ આપણા અંદરની નિરાકુળતા વધતી જાય છે. **અંશી પાસે જીવ પહોંચ્યો નથી માટે વ્યાકુળ છે. જ્યારે પરમાત્મા પાસે પહોંચી જવાશે ત્યારે સંપૂર્ણ નિરાકુળતા પ્રાપ્ત થશે.** ભગવાનને આ જગતમાં અવતાર ધારણ કરવાના જે કારણો છે ધર્મને સ્થાપન કરવો, અસુરોનો વિનાશ કરવો, પોતાના ભક્તોને લાડ લડાવવા એવી રીતે એમનામાં અપાર અને અનંત ગુણો છે તેને સાર્થક કરવા એ પણ એક કારણ છે. કેમ કે ? ધામમાં બેઠા બેઠા એ ગુણોને સાર્થક ના કરી શકાય. 'દયા', 'કૃપા', 'કરુણાં', 'ક્ષમા' આ ગુણો છે એ પરમાત્માના બહુ મોટા ગુણો છે. એમની પાસે ધામમાં જે મુક્તો છે એ બધા દિવ્ય સ્વરૂપે હોય છે. ત્યાં એ ગુણોનો ઉપયોગ ના થઈ શકે. એમના ઉપર પહેલા 'દયા', 'કૃપા', 'કરૂણા' એ બધુ કર્યુ છે. એટલે તો એ મુક્તો ત્યાં બિરાજમાન છે. આ લોકમાં આવે છે એટલે ભક્તોની વ્યાકુળતા જોઈને 'દયા', 'કૃપા', 'ક્ષમા', 'કરુણા એ બધા પોતાના ગુણોને બધાની વચ્ચે રહીને સાર્થક કરે છે. આપણું 'લક્ષ્ય' છે એ આપણે નક્કી રાખવાનું અને એટલું ધ્યાન રાખવાનું કે લક્ષ્યથી ભટકી ના જવાય મનને મહાપરાણે અભ્યાસ કરાવીને આધ્યાત્મિક માર્ગ પર આપણે ચાલી રહ્યા છીએ. આપણે ડગી ના જઈએ આપણો રસ્તો બદલાઈ ના જાય એવું બળ ભગવાન આપણને બધાને આપે. **આપણી વ્યાકુળતા જલ્દી પુરી થાય અને આપણે જલ્દી આપણા અંશી પાસે પહોંચી જઈએ.**

●

### 'અહંભાવ'

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગ.અં. ૩૯ માં સુંદર સમજણ આપી છે. આ જીવને માત્ર બેજ વાત શીખવાની છે. અને દ્રઢ કરવાની છે. એક તો પોતાના સ્વરૂપનું જ્ઞાન અને બીજું ભગવાનનું મહાત્મ્ય જ્ઞાન. અનાદિકાળથી જ આ જીવાત્માને માયાવી સંસૃતિનો પાસ લાગેલો છે. આ માયા પાશને લીધે જ જીવાત્માને દેહને વિષે અહંબુદ્ધિ અને દેહના સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ રહે છે. અહંમ મમત્વરૂપ માયાને ટાળી ભગવાનની પ્રીતિ કરવી. એ શાસ્ત્ર માત્રનો સિદ્ધાંત છે. અને એજ સમજવાનું છે. હવે આત્મા સંબંધી આત્મ જ્ઞાન એટલે પોતાના આત્મસ્વરૂપમાં ઉંડી નિષ્ઠા, પોતાના સ્વરૂપનું જ્ઞાન, જીવાત્માને નાશવંત દેહ થકી પૃથક જાણીને હું દેહ નથી પણ અવિનાશી આત્મા છું એવી સતત જાગૃતિ દેહભાવ ટાળી આત્મભાવ કેળવવાની સતત સાધના. નાત જાત એ દેહને છે. આત્માને નથી. આ શરીર એ આત્માનું વાહન છે. આત્મા તેને ચલાવનાર સારથી છે. છતાં પણ અહંતા-દેહાભિમાનને લીધે મનુષ્ય પોતાના આત્માનું દેહથી સ્વતંત્ર અસ્તિત્વ વિચાર્યા વિના દેહરૂપ થઈને બધી ક્રિયા કરે છે. આથી જ તેને લીધે તે સુખ દુઃખ હાનિ-લાભ, શોક-હર્ષ વિગેરેમાં ભટકે છે. અને મોક્ષ માર્ગને અનુસરતો નથી. વચનામૃતમાં પણ સર્વ દોષોના મૂળરૂપ દેહાભિમાન એટલે શરીર એ હું છું એ ભાવનાને બતાવે છે. આત્મા શક્તિને ભૂલી ગયા છીએ।

**હું હું કરી હાલે ઘણું, અહં-મમત અપાર**
**હું મારૂં માને સહી, એહ જાણો અહંકાર**

એક સરસ વાત છે. એક નાનું ગામ હતું. તેમાં નવ્ય મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિનો કાર્યક્રમ હતો. ભગવાનની મૂર્તિને વરઘોડા રૂપે મંદિરે લાવવાની હતી. ત્યારે તે ગામના સેવાભાવી કુંભારને ઈચ્છા થઈ કે મૂર્તિને મંદિરે લઈ જવાની સેવા હું આપું. પહેલાના જમાનામાં ભાર ઉંચકવા બળદો કે ગધેડાનો ઉપયોગ થતો. એટલે સેવાભાવી કુંભારે મંદિરના કોઠારીને તે વાત કરી કે હું મારા ગધેડા પર ભગવાનની મૂર્તિને સહી સલામત લઈ જઈશ માટે મને આ સેવાની તક આપો. કોઠારી હા પાડી. પછી કુંભારે પોતાના ગધેડાને સુંદર શણગાર્યો. તેના ઉપર સરસ મજાની અંબાડી મૂકી અંદર ભગવાનને ઠાઠ માઠથી પધરાવ્યા. બસ આજે

તો ભગવાને ગધેડાને પોતાનું વાહન બનાવ્યું છે. ધામધૂમથી વાજતે ગાજતે વરઘોડો નીકળ્યો. જેમ જેમ ગામ લોકોને ખબર પડવા લાગી કે ભગવાનની મૂર્તિ આવી રહી છે તેમ તેમ ચોરે ને ચૌટે ભગવાનનાં દર્શન કરવા માણસો ટોળે ટોળા ઉમટ્યાં. અહોહો.... ગધેડાનું કેવું સદ્‌ભાગ્ય ! સૌ ગધેડાના મુખ સામે ઉભા રહીને મૂર્તિને પ્રણામ કરતા. ભાવથી દર્શન કરતા. કોઈ વળી રસ્તામાં જ દંડવત કરતા. તો કોઈ પુષ્પ કે ચોખા-ચંદનથી મૂર્તિને વધાવતા. આમ સૌ કોઈ શ્રધ્ધાપૂર્વક મૂર્તિને આદર-સન્માનથી જોતા હતા.

પોતાનું અહોભાગ્ય કે ભગવાન આજે મારી પીઠ ઉપર સ્વાર થયા. એવું માનવાને બદલે પેલો મૂર્ખ ગધેડો અભિમાનથી ફુલાઈને વિચારવા લાગ્યો કે લોકો મને કેવા પગે લાગે છે. દર્શન કરે છે. દંડવત્-પ્રણામ કરે છે. મારી પૂજા કરે છે. હું કાંઈક શું એમ મનમાં ફુલાતો ફુલાતો ચાલતો હતો.

એવામાં ત્યાંથી એક ગાય નીકળી. એટલે ફુલણજી ગધેડા ભાઈએ રુઆબથી કહ્યું **"એય ગાવડી દૂર હઠ દૂર લોકોને મારા દર્શન કરવા દે."** ગાયે ધીમેથી કહ્યું : અલ્યા ગધેડા તું આટલો બધો ગર્વ શાનો કરે છે ? શું આ લોકો તમારા દર્શન કરવા પડાપડી કરે છે ? ત્યારે ગધેડો કહે "હા, હા, હા, તો શું ? તારા દર્શન કરવા આવે છે ? ત્યારે ગાયે કહ્યું હા, હા, મારી પીઠ પરતો તેત્રીસ કરોડ દેવોનો વાસ છે. છતાંય મને તારા જેવું અભિમાન નથી. અરે, લોકો તારા દર્શન નથી કરતા પણ તારી પીઠ પર બિરાજેલ ભગવાનના દર્શન કરે છે. ભલે, તું હવે મંદિરના પગથિયા સુધી અભિમાન રાખ ને બક્યા કર. પણ મંદિર આવશે એટલે તારી પીઠ પરથી ભગવાનને ઉઠાવી લેવામાં આવશે. પછી જો જે તારી શી વલે થાય છે. ભલા થઈને ખોટો ગર્વ કરમાં.

થયું પણ તેમજ, મંદિર આવતા મૂર્તિ ગધેડા પરથી લઈ લીધી કે એના માલિક કુંભારે બે-ચાર ડફણાં મારીને ત્યાંથી તગેડી મૂક્યો. પછી તો ગધેડો જાય ભાગ્યો ને ગામના ઉકરડો ખોતરવા મંડી પડ્યો.

સમજ્યા જેવી આ વાત છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી (ચોસઠ પદીમાં) કહે છે તેમ,

**જેણે ગણ્યો પોતામાં ગુણ જાણ્યો,**
**હું પણ છઉ કોઈ કામનો રે.**
**ત્યારે મળ્યો માયાને લાગ,**
**ખરો કરવા ખુવાર રે.**

પોતાનામાં માલ મનાય એનું જ નામ માયા. સો શૂન્ય કરીએ પણ આગળ એકડો કે બગડો કાંઈ અંક ન મૂકીએ તો સરવાળો શાનો કરવો ? કેવળ કાગળ કાળો થાય એટલો લાભ. તેમ પ્રભુ - પરમાત્માને પડતા મૂકીને બીજી કરોડ ચતુરાઈ કરીએ ડોળ કરીએ તેનો શો અર્થ ? તેને તો પેલા ગધેડાની જેમ આખી જીંદગીનાં વૈતરાં ફૂટ્યા જ કરવાના ને ? લખ ચોરાશીના ચક્કરમાં યમરાજાના હાથનાં ડફણાં જ ખાવાના ને ? વરસાદ વિનાના વાદળોની કાંઈ કિંમત નથી. પાણી વિનાની નદીનું કાંઈ મહત્વ નથી. ફૂટેલા માટલાઓની કોઈ ઉપયોગિતા નથી. તેવી જ રીતે આત્મા પરમાત્મા વગરના માનવીની પણ કોઈ કિંમત નથી.

●

## હિમાલય શ્વેત પહાડ

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)
(શ્રીહરિ વનવિચરણ ગતાંકથી ચાલુ)

પ્રભાત થતાં વર્ણીરાજે ચાલવાની તૈયારી કરી. હનુમાનજી મહારાજ કહે છે કે પ્રભુ સેવામાં હું સાથે રહું. ત્યારે વર્ણીરાજ કહે છે કે જરૂર પડશે ત્યારે બોલાવી લઈશ. એમ સાંભળી હનુમાનજી મહારાજ અદૃશ્ય થયા છે. હિમાલય તરફ વર્ણીરાજ આગળ વધ્યા છે. બદ્રિકાશ્રમથી જ્યારે શ્રી વર્ણીરાજે વિદાય લીધી ત્યારે નારાયણ ઋષિએ હિમાલયને કહ્યું કે બાળ ઘનશ્યામ ખુલ્લા શરીરે અડવાણે પગે એકલા જ જઈ રહ્યા છે એટલે તેમને કોઈ પ્રકારે દુઃખ ન પડે, કોઈ કષ્ટ ન થાય એ રીતે જતન કરવા સાથે જાઓ.

હિમાલયની શોભાઓમાં કદમ, આંબા, આમલીનાં ઝાડો અને હિમશિલાઓને જોતા-જોતાં આગળ ચાલે છે. ત્યાં બે સામ સામા પહાડ આવ્યા. જવાનો રસ્તે નહિ. વર્ણીરાજ વિચારે છે કે આમાં ક્યાં જવું, જવાનો રસ્તો નથી. ત્યારે ત્યાં હિમાલય મૂર્તિમાન થઈ સામે આવીને ઉભા રહ્યા. સાષ્ટાંગ દંડવત્ કર્યા અને કહ્યું, મારા ઉપર અતિ કૃપા કરી મને પાવન કરવા પધાર્યા. આજે મારું જીવન ધન્ય થયું. તેમના હાથમાં ચળકતો ભાલો છે અને પ્રચંડ સ્વરૂપ છે. આપને ક્યાં જવું છે ? એમ પૂછે છે ત્યારે વર્ણીરાજ કહે છે કે મારે ઉત્તરમાં જવું છે. હિમાલય કહે છે કે આ સામી ગુફામાં જાઓ તેમાંથી રસ્તો મળશે. આમ કહી હિમાલય અદૃશ્ય થયા. અનંત બ્રહ્માંડોને રસ્તો બતાવનાર શું રસ્તા ભૂલે ? પણ વર્ણીરાજ બતાવી રહ્યા છે કે સંસાર માર્ગમાં ભૂલા પડો તો પરમેશ્વરને કે સાચા સંત ને રસ્તો પૂછજો, બીજાને નહિ. સાચો રાહ મળશે.

આ હિમાલય પર્વતમાં અનેક ગુફાઓ છે. જેમાં આજે પણ તપસ્વીઓ તપ કરી રહ્યા છે. સોના-રૂપાની ખાણો, અનેક ઔષધિઓની વનસ્પતિઓ આ પર્વત ઉપર છે. અનેક જાતનાં ફૂલો, પારીજાતક, મોગરા, ગુલમહોર, કેવડા તથા સમરી ગાયો, કસ્તુરી મૃગો, એવાં પશુઓ આ પર્વતમાં વાસ કરી સુખ મેળવી રહ્યા છે. ઋષિમુનિઓનું તો આ પર્વત ઘર છે. નિષ્કુળાનંદ સ્વામી એ હિમાલયનું વર્ણન સત્સંગિ જીવનમાં ઘણા પ્રકારે વર્ણવ્યું છે.

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં શ્રી કૃષ્ણજન્માષ્ટમી ધામધૂમથી ઉજવાઈ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે શ્રાવણ વદ-૮ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી તા. ૪-૯-૨૦૨૬ ના રોજ ધામધૂમથી ઉજવાઈ. આ પ્રસંગે નિજ મંદિરના પ્રસાદીના ચોકમાં સુંદર લાઈટીંગથી શણગારેલ શમિયાણામાં રાત્રીના ૯ થી ૧૨ દરમ્યાન આપણા કીર્તનકાર ગવૈયાઓએ કીર્તન-ભક્તિ રાસ ગરબા સંપ્રદાયની મર્યાદા પ્રમાણે ભાઈઓ-બહેનોએ ખૂબજ સુંદર કર્યા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણજન્મોત્સવ ખૂબજ ભવ્ય રીતે ઉજવાયો. હજારો હરિભક્તોએ દર્શન કરી ધન્ય થયા હતા. છેલ્લે પંજાજીરીનો પ્રસાદ દર્શનાર્થીઓને વહેંચવામાં આવ્યો હતો. મહંત સ્વામીના સુંદર સૂચન મુજબ તેમના સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું. (કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

**અમદાવાદ મંદિરમાં શ્રી ગણપતિજીનું સ્થાપન-શ્રી ગણપતિજીનો વરઘોડો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ભાદરવા સુદ-૪ શ્રી ગણેશ ચતુર્થીના શ્રી નરનારાયણદેવ સમક્ષ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી ગણેશજીની વિધિવત રીતે સ્થાપના કરી પૂજન આરતી કરી હતી.

ભાદરવા સુદ-૧૧ જલઝિલણી એકાદશી તા. ૨૨-૯-૨૦૨૬ ના રોજ શ્રી ગણપતિજીના વિસર્જન વરઘોડા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી આદિ સંતો અને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ મંદિરના ચોકમાં કીર્તન-ઓચ્છવ કરતા કરતા નારણઘાટ મંદિર પહોંચ્યા હતા. ત્યાં સાંજના ઓચ્છવ મંડળે સુંદર નંદ સંતોના ઓચ્છવના પદો ગાઈને ભવ્ય ઉત્સવ કર્યો હતો. પવિત્ર સાબરમતી નદીમાં ઠાકોરજીને નૌકા વિહાર કરાવી હતી. રાત્રે અમદાવાદ મંદિરમાં ઓચ્છવની રમઝટ બોલાવી હતી. હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

**અમદાવાદ મંદિરમાં ભાદરવા માસની પૂનમ સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં ભાદરવા સુદ-૧૫ પૂનમ તા. ૨૬-૯-૨૦૨૬ ના રોજ પ્રસાદીના સભા મંડપમાં અલૌકિક સત્સંગ સભાનું આયોજન થયું હતું. જેના યજમાન એક હરિભક્ત પરિવારે લાભ લીધો હતો.

કથા શ્રવણ શાસ્ત્રી સ્વામી સુવ્રતદાસજીએ કરાવ્યું હતું. અમદાવાદ મંદિરના મહંત સ્વામીના સૂચન મુજબ સુંદર આયોજન કર્યું હતું. હજારો દર્શનાર્થીઓએ કથા શ્રવણ કરી દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) હિંડોળા ઉત્સવ અને સમૂહ મહાપૂજા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ મહંત શા. સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી અને ખાસ કરીને મહિલા મંડળની શ્રધ્ધાળુ અને ઉત્સાહી બહેનોના પુરુષાર્થથી અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત ઠાકોરજીનો હિંડોળા ઉત્સવ ખૂબ ઉમંગ અને ઉલ્લાસથી ઉજવાયો.

બહેનોએ કેનવાસના મજબૂત કાપડ પર રેશમી પાતળા દોરાથી અમદાવાદમાં શ્રીહરિની લીલાઓનું રેખાંકન-પેન્ટીંગ કરી તેની નીચે ખાસ કરીને કીર્તનોમાંથી લીલા પંક્તિઓ લખીને સમગ્ર ઉત્સવ મંડપની અંદરની દિવાલો પર સુશોભન કર્યું હતું. ઉત્સવ મંડપને સાકાર કરવા યુવક મંડળના યુવાનોએ સહકાર આપ્યો હતો. તા. ૩૧-૭-૨૦૨૬ ના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળીશ્રીએ પધારીને પોતાના વરદ્ હસ્તે હિંડોળા ઉત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

હીરના હિંડોળા તથા દરરોજ અવનવા વિવિધ કલાત્મક હિંડોળામાં ભક્તજનોએ ઠાકોરજીને ઝુલાવવાનો લ્હાવો પ્રાપ્ત કર્યો હતો. GTPL નિર્માણ ન્યુઝ ચેનલે આવીને મંદિરના કોઠારીશ્રી તથા બહેનોના મુખેથી આ હિંડોળાની વિશેષતા તથા મહિમાનું રેકોર્ડિંગ કરી પ્રસારણ કર્યું હતું.

તા. ૩૦-૮-૨૦૨૬ ના રોજ "ત્યોહાર" ના ઉપલક્ષમાં શ્રાવણ માસ નિમિત્તે સમૂહ મહાપૂજા તથા ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ મંદિર, હર્ષદ કોલોનીમાં પણ પ.ભ. દાસભાઈની પ્રેરણાથી વિવિધ કલાત્મક હિંડોળા તૈયાર કરી ઠાકોરજીને ઝુલાવ્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા સત્સંગ સભાઓ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અમદાવાદ મંદિરના સંતો દ્વારા નીચે મુજબ સત્સંગ સભાઓ થઈ હતી.

તા. ૬-૯-૨૦૨૬ જીવરાજપાર્ક મંદિર, તા. ૧૩-૯-૨૦૨૬ જીવરાજપાર્ક મંદિર, તા. ૨૦-૯-૨૦૨૬ જીવરાજપાર્ક મંદિર. જેમાં દિવ્યસ્વરૂપ સ્વામી (કાલુપુર), મૂર્તિજીવન સ્વામી (કાલુપુર) અને નિલકંઠ સ્વામી (કોટેશ્વર)એ કથા-વાર્તા કરી હરિભક્તોને લાભ આપ્યો હતો.

નિકોલ ખાતે તા. ૯-૯-૨૦૨૬ ના રોજ દિવ્યસ્વરૂપ સ્વામી આદિ સંતોએ કથા-વાર્તા દ્વારા હરિભક્તોને રાજી કર્યા હતા.

જલઝિલણી એકાદશીની રાત્રે રાયસણ, ગાંધીનગર ખાતે સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ કથાવાર્તા દ્વારા હરિભક્તોને લાભ આપ્યો હતો.

(કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ખારોલ (ઝાડી પ્રદેશ)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધોળકા મંદિરમાં બિરાજમાન શ્રી મોરલી મનોહરદેવના ૨૦૦ વર્ષના "ત્યોહાર"ના ઉપલક્ષમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ખારોલ બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૪-૮-૨૦૨૬ ના રોજ રાત્રીય સત્સંગ સભાનું સુંદર આયોજન થયું હતું. જેમાં બાલાસિનોર મંદિરના સાંખ્યયોગી સરોજબા, સાંખ્યયોગી મીનાબા આદિ બાઈઓએ કથાવાર્તા કીર્તન ભક્તિ કરી ધોળકાના ત્યોહારની સૌને માહિતી આપી હતી.

(કોઠારી કા. દિલીપભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ (કટકીયાવાડો)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ ખાતે મહિનાના ૨ રવિવારના બાળ સભા નિયમિત થાય છે જેમાં આ વખતે પર્ણ-૧-૨ ના પ્રશ્ન પેપરમાંથી ૩૦ બાળકોએ ફર્સ્ટ કલાસ ગુણ મેળવ્યા હતા. હિંડોળા પ્રસંગે અનેક ભાવિક ભક્તોએ ૧ માસ પર્યન્ત દર્શન કર્યા હતા. તા. ૯-૮-૨૦૨૬ ના હિમાલય દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧-૯-૨૦૨૬ ના રોજ સાંખ્યયોગી ભક્તિબાની પુણ્યતિથિ નિમિત્તે સુંદરકાંડ કરવામાં આવ્યા હતા.

(પ્રકાશભાઈ કોઠારી)

## આપણા વ્રતોત્સવ

આસો સુદ-૯ તા. ૨૦-૧૦-૨૦૨૬ મંગળવાર શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ (સંવત ૨૦૨૮ અમદાવાદ), અમેરિકામાં આઈ.એસ.એસ.ઓ. ની સ્થાપના

આસો સુદ-૧૧ તા. ૨૨-૧૦-૨૦૨૬ ગુરુવાર પાંશાંકુશા એકાદશી.

આસો સુદ-૧૨ તા. ૨૩-૧૦-૨૦૨૬ શુક્રવાર ગઢપુર મંદિર પાટોત્સવ.

આસો સુદ-૧૪ તા. ૨૫-૧૦-૨૦૨૬ રવિવાર શરદોત્સવ વ્રતની પૂનમ.

આસો સુદ-૧૫ તા. ૨૬-૧૦-૨૦૨૬ સોમવાર મુકુટોત્સવ પૂનમ.

આસો વદ-૧/૨ તા. ૨૭-૧૦-૨૦૨૬ મંગળવાર બાવળા મંદિર પાટોત્સવ.

આસો વદ-૩ તા. ૨૮-૧૦-૨૦૨૬ બુધવાર આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સૌ પ્રથમ પ્રતિષ્ઠિત કરેલ શ્રી વીર હનુમાનજી મહારાજનો પાટોત્સવ (સં. ૧૯૦૬).

આસો વદ-૭ તા. ૧-૧૧-૨૦૨૬ રવિવાર આજે પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડાનો ઓર્ડર માટે ઉત્તમ દિવસ છે.

આસો વદ-૧૧ તા. ૫-૧૧-૨૦૨૬ ગુરુવાર રમા એકાદશી વાઘ બારસ.

આસો વદ-૧૨ તા. ૬-૧૧-૨૦૨૬ શુક્રવાર ધન તેરસ - શ્રી લક્ષ્મીજીનું પૂજન.

આસો વદ-૧૩ તા. ૭-૧૧-૨૦૨૬ શનિવાર કાળી ચૌદશ શ્રી હનુમાનજીનું પૂજન - આરતી.

આસો વદ-૧૪ તા. ૮-૧૧-૨૦૨૬ રવિવાર દિવાળી શ્રી લક્ષ્મી કુબેર પૂજન અમદાવાદ કાલુપુર મંદિરમાં ધર્મકૂળના વરદ્ હસ્તે સમૂહ ચોપડા પૂજન.

આસો વદ-૩૦ તા. ૯-૧૧-૨૦૨૬ સોમવાર અન્નકૂટોત્સવ, ગોવર્ધન પૂજા.

કારતક સુદ-૧ તા. ૧૦-૧૧-૨૦૨૬ મંગળવાર સંવત ૨૦૮૩ નૂતન વર્ષ પ્રારંભ.

કારતક સુદ-૨ તા. ૧૧-૧૧-૨૦૨૬ બુધવાર ભાઈ બીજ.

કારતક સુદ-૫ તા. ૧૪-૧૧-૨૦૨૬ શનિવાર લાભ પાંચમ, કાંકરિયા રામબાગ મંદિર શ્રી રાધાકૃષ્ણદેવ અને બાલસ્વરૂપ શ્રી હનુમાનજી મહારાજનો પાટોત્સવ.

# શ્રી સ્વામિનારાયણ

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**શ્રાવણ સુદ-૧** પ.ભ.અ.નિ. ગોપાલભાઈ બેચરભાઈ પટેલ (અમદાવાદ). **શ્રાવણ સુદ-૨** પ.ભ. ધનજી રવજી માતા (હિરાપર-કચ્છ). **શ્રાવણ સુદ-૩** પ.ભ. અંકિતભાઈ પરીખ (શિલજ), પ.ભ. પરેશભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ), પ.ભ. ઋતિકા અનીલભાઈ પટેલ (માણસા), પ.ભ. પ્રિયંકાબેન વિસ્મત પટેલ, પ.ભ. તેજબાઈ મનજી વેકરીયા (બળદીયા-કચ્છ). **શ્રાવણ સુદ-૪** પ.ભ. કાંતિભાઈ કચરાભાઈ ચૌધરી (બાલવા), પ.ભ. પ્રકાશભાઈ પી. પટેલ (ચેનપુર), પ.ભ. દશરથભાઈ મણીલાલ ભાવસાર (અમદાવાદ), પ.ભ. રઘુવિરભાઈ એન. અમીન (વડોદરા), પ.ભ. ઘનશ્યામભાઈ વ્યાસ (ઘોડાસર), પ.ભ. નીરૂબેન પ્રવિણભાઈ સોની (અમદાવાદ), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (ચાંદખેડા), પ.ભ. રૂષભ ચંદ્રેશભાઈ ગોર (ભૂજ). **શ્રાવણ સુદ-૫** પ.ભ. અ.નિ. શારદાબેન છોટાભાઈ પટેલ (કાળીગામ), પ.ભ. ભરતભાઈ કે. પરમાર (માલણીયાદ). **શ્રાવણ સુદ-૬** પ.ભ. પ્રતિકકુમાર વિષ્ણુભાઈ પટેલ (ઉંટવા), પ.ભ. મધુબેન સોમદાસ પટેલ (સાણંદ), પ.ભ. વૈભવી મયંકભાઈ કામદાર (પોરબંદર). **શ્રાવણ સુદ-૭** પ.ભ. પ્રતાપભાઈ મોહનભાઈ પઢારીયા (ખોલડીયાદ). **શ્રાવણ સુદ-૮** પ.ભ. અ.નિ. રામજી વાઘજી, અ.નિ. માનબાઈ રામજી, અ.નિ. ઘનશ્યામ રામજી (માંડવી-કચ્છ), પ.ભ. યશ ટાંક (રાજકોટ), પ.ભ. અ.નિ. કાનજી મનજી હિરાણી (માનકુવા-કચ્છ). **શ્રાવણ સુદ-૧૦** ગં.સ્વ. રાધાબાઈ પ્રેમજી, અ.નિ. પ્રેમજી મેઘજી વેકરીયા (બળદીયા-કચ્છ), પ.ભ. રમણભાઈ પ્રભુદાસ પટેલ (કરજીસણ), પ.ભ. દિવ્યમ હાર્દ પટેલ (કનીપુર). **શ્રાવણ સુદ-૧૧** પ.ભ. કાંતિ નારણ કેરાઈ (નારણપર-કચ્છ). **શ્રાવણ સુદ-૧૨** પ.ભ. પ્રહલાદભાઈ અંબાલાલ પટેલ (લવારપુર), પ.ભ. હરેશભાઈ ભીખાભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. અ.નિ. ગોપાલભાઈ જેઠાભાઈ ખેર (પચ્છમ), પ.ભ. અ.નિ. પ્રશાંતભાઈ ગોવિંદભાઈ સાંખલા (ઈન્દૌર), પ.ભ. બચુભાઈ કરશનભાઈ માલવણીયા (સુરેન્દ્રનગર), પ.ભ. કપિલાબેન બાબુભાઈ પટેલ (નિકોલ). **શ્રાવણ સુદ-૧૩** પ.ભ. કીર્તિભાઈ શુકલા સહ પરિવાર (અમદાવાદ), પ.ભ. કાળુભાઈ લવાભાઈ દેસાઈ (સલકી), પ.ભ. રતનશી મેઘરાજ હાલાઈ (ગોધરા-કચ્છ), પ.ભ. દર્શનભાઈ લક્ષ્મણભાઈ પટેલ (મોરબી), પ.ભ. સૂર્યાબેન ભરતકુમાર પટેલ (અમદાવાદ). **શ્રાવણ સુદ-૧૪** પ.ભ. ધર્મેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પટેલ (સાંકાપુરા). **શ્રાવણ સુદ-૧૫** પ.ભ. મિતલભાઈ કાંતિભાઈ પટેલ (હિંમતનગર), પ.ભ. કલ્પનાબેન રાજુભાઈ (અમદાવાદ), પ.ભ. દેવેનભાઈ હિરાલાલ પાટડીયા (મહેસાણા), પ.ભ. શિવજી નારણભાઈ મેપાણી (ભુજ), પ.ભ. રવિ શામજીભાઈ રાઘવાણી (નવરંગપુરા), કોઠારી સ્વા. હરિસ્વરૂપદાસજી ગુરુ સ્વા. નિર્લેપદાસજી (સાવરકુંડલા).

**શ્રાવણ વદ-૧** પ.ભ. અશોકભાઈ મણીલાલ પટેલ (બીલાસીયા), પ.ભ. જીત રમેશભાઈ પૂજારા (ધોળકા), પ.ભ. જગદીશભાઈ હરિભાઈ કોરાટ (બગસરા), પ.ભ. નર્મદાબેન અમરશીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મનજી રવજી હાલાઈ (ગોડપર-કચ્છ), પ.ભ. પ્રેમબાઈ મનજી હાલાઈ (ગોડપર-કચ્છ). **શ્રાવણ વદ-૨** પ.ભ. અ.નિ. ઘનશ્યામભાઈ મૂળજીભાઈ ઠક્કર (દૂધવાળા) (અમદાવાદ), પ.ભ. દિપકકુમાર ચિમનભાઈ પટેલ (બાયડ), પ.ભ. કાંતિ નારણ કેરાઈ (નારણપર-કચ્છ), પ.ભ. અનિલભાઈ નરસીભાઈ પટેલ (થલતેજ), પ.ભ. પંકજભાઈ સી.એમ. પરિવાર (સાબરમતી), પ.ભ. જીજ્ઞેશભાઈ ભાનુપ્રસાદ શેલત (ગાંધીનગર), પ.ભ. ગંગોત્રીબેન જયંતીભાઈ રંગાણી (અમદાવાદ), પ.ભ. અ.નિ. જમનાબેન શંકરલાલ પટેલ (માણસા), પ.ભ. અ.નિ. મલય મધુસુદનભાઈ આદેસરા (નારણપુરા). **શ્રાવણ વદ-૩** પ.ભ. લીલાબેન ડી. ચૌધરી (પ્રતાપપુરા), પ.ભ. જેઠાભાઈ મનજીભાઈ હિરાણી (કોડકી-કચ્છ). **શ્રાવણ વદ-૪/૫** પ.ભ. શામજી લાલજી વેકરીયા (માંડવી-કચ્છ). **શ્રાવણ વદ-૬** પ.ભ. અ.નિ. કેસરબેન નારણ હાલાઈ (સુખપર-કચ્છ). **શ્રાવણ વદ-૭** પ.ભ. ખુશ જીજ્ઞેશકુમાર રાણપરીયા (ગોતા), અ.નિ. સ.ગુ. કોઠારી સ્વા. હરિનારાયણદાસજી (જૂનાગઢ), પ.ભ. પ્રહલાદભાઈ વિઠ્ઠલદાસ પટેલ (કરજીસણ). **શ્રાવણ વદ-૮** પ.ભ. દિનેશ કાનજી રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. અ.નિ. શામજી ધનજી હાલાઈ (ભક્તિનગર-કચ્છ), ગં.સ્વ. હિરબાઈ અરજણ કેરાઈ (રામપર-કચ્છ), પ.ભ. લાલજી મનજી ગાજપરીયા (માંડવી-કચ્છ). **શ્રાવણ વદ-૯** પ.ભ. અનંત રોમીતકુમાર પટેલ (કડી-કુંડાળ), પ.ભ. સોનલ પરેશભાઈ સોની (અમદાવાદ), પ.ભ. અ.નિ. મીનાક્ષીબેન નવીનચંદ્ર પટેલ (ડાંગરવા), પ.ભ. ડૉ. મીત રાકેશ ચોકસી (અમદાવાદ), પ.ભ. ભાનુબેન ભીખાભાઈ ઝિંઝુવાડીયા (અમદાવાદ). **શ્રાવણ વદ-૧૦** પ.ભ. મૌલિન વજુભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. અ.નિ. રણછોડભાઈ જોઈતાભાઈ ચૌધરી (બાલવા), પ.ભ. અપેક્ષાબેન જીજ્ઞેશકુમાર પટેલ (સરસપુર), પ.ભ. અ.નિ. જસવંતભાઈ કાળીદાસભાઈ ઝવેરી (રાજકોટ), પ.ભ. મુકેશભાઈ બાબુભાઈ સોની (પાટણ), પ.ભ. અરૂણાબેન કાંતિભાઈ મીસ્ત્રી (અમદાવાદ), પ.ભ. અ.નિ. સુરજબેન જસમતભાઈ નાવડીયા (સુરત), પ.ભ. અ.નિ. વલ્લભભાઈ કરશનભાઈ દેવાણી (અમદાવાદ), પ.ભ. સંજયભાઈ નટવરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હંસાબેન ગોવિંદ જેસાણી (અમદાવાદ), પ.ભ. ધવલભાઈ નિર્વા ભાવસાર (સીડની). **શ્રાવણ વદ-૧૨** શ્રી નરનારાયણદેવ ઈન્ફ્રા. પ્રા.લી. (ગાંધીનગર), પ.ભ. ધ્રુવીલ અનીલભાઈ પટેલ (ઓળા), પ.ભ. ચિમનભાઈ નારણદાસ પટેલ (સોલા), પ.ભ. અલ્પેશભાઈ રાખોલીયા (વેળાવદર), પ.ભ. અ.નિ. ભાણજીભાઈ રવજીભાઈ નાકરાણી (ઉમરેઠ), પ.ભ. કિશન રવિભાઈ સોની (અમદાવાદ), પ.ભ. વર્ષાબેન લાલજીભાઈ પટેલ (પલીયડ), પ.ભ. જયંતીભાઈ પરસોતમદાસ પટેલ (નારદીપુર), પ.ભ. વાલજી કરશન હિરાણી (બળદીયા-કચ્છ), પ.ભ. આશિષ ઝા. (અમદાવાદ). **શ્રાવણ વદ-૧૩** પ.ભ. જસુભાઈ બાબુભાઈ પટેલ (તેજપુરા), પ.ભ. અ.નિ. કેશરબાઈ કાનજી ભૂડીયા (સુખપર-કચ્છ), પ.ભ. અ.નિ. કેશરબાઈ કાનજી ભૂડીયા (સુખપર-કચ્છ), પ.ભ. અ.નિ. કુવરબેન ભીમજીભાઈ વાટલીયા (નિકોલ). **શ્રાવણ વદ-૩૦** પ.ભ. અ.નિ. શાંતિભાઈ શીવાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મણીબેન હિતેષ પટેલ (ન્યુ રાણીપ), નિકોલ મહિલા મંડળ, શ્રી નરનારાયણદેવ ચરણ સેવક (કાલુપુર-મંદિર).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji




ાનકુંવર (કેનેડા) મંદિરમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી








અમદાવાદ મંદિરમાં જન્માષ્ટમીનો અવસર ધામધૂમથી ઉજવાયોતેની તસવીરો




જલઝીલણી એકાદશીએ આપણા મંદિરથી પરંપરાગત ગણપતિનો વરઘોડો નારણઘાટ પહોંચતા ત્યાં વિસર્જન પહેલા પૂજન કરતા સંતો - હરિભક્તો



ધોળકા મંદિરમાં ''ત્યોહાર''ના ઉપલક્ષમા ૨૦૦ કલાકની અખંડધૂન કરતા સંતો-હરિભક્તો

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd. Unaccountable L1 i/o. on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026





કંટકી (અમેરિકા) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજ તથા પ.પૂ.મહારાજશ્રી







નોરફોક (વર્જીનીયા) ચેપ્ટરમાં સત્સંગ સભામાં આશીર્વાદ આપતા અને હરિભક્તો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી




Praful Kharsani